ગુજરાત વિદ્યાપીઠ પાઠ્યપુસ્તક ૧૭ મું

વિદ્યાપીઠ વાચનમાળા

ગુજરાતી બીજી ચોપડી

પ્રકાશક
ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

ચાર આના

ગૂજરાત વિદ્યાપીઠ પાઠ્યપુસ્તક ૨૭મું

વિદ્યાપીઠ વાચનમાળા

ગૂજરાતી બીજી ચોપડી

સંયોજક
છોટાલાલ બાળકૃષ્ણ પુરાણી
ભરૂચ કેળવણી મંડળ
ભરૂચ.

પ્રકાશક
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

સં ૧૯૮૦ | બીજી આવૃત્તિ | પ્રત ૧૫ હજાર

કિંમત ૦-૪-૦

પ્રકાશક
કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

મુદ્રક
વેણીલાલ છગનલાલ બૂચ
નવજીવન મુદ્રણાલય,
અમદાવાદ

વિજ્ઞાપન

પુસ્તક સમિતિના ઠરાવ ૭/૮૦ અનુસાર આ પહેલી તથા બીજી ચોપડીની સુધારેલી આવૃત્તિ પ્રસિદ્ધ કરવામા આવે છે આ વખતે કિંમતમા ઘટાડો કરી શકાયો છે, એ જણાવતા ખુશી ઉપજે છે.

આ આવૃત્તિનુ મુદ્રણ ૧૦–૧૨ દિવસ જેટલી ટુંકી મુદતમા કરવુ પડયુ છે, એને લીધે કોઇક ઠેકાણે ભૂલો જણાવાનો સભવ છે, એને માટે શિક્ષકો અને શિક્ષકોર્થીઓ વિશેષ અમારા નાના વાચકો અમને ક્ષમા કરશે એમ આશા છે

આ મુદ્રણનુ ત્વરિત કામ નવજીવન મુદ્રણાલયના ચાલકોની તથા મારા સહાયક ભાઈ મગનલાલ પુરોહિતની રાતદિવસની મહેનત વિના ન થઈ શકત, એટલુયે જો હુ પ્રગટ ન કરૂ તો કૃતઘ્ન ગણાઉં

ત્રીજી ચોપડી થોડા વખતમા પ્રસિદ્ધ કરવા ઉમેદ રાખુ છુ

વિદ્યાપીઠ કાર્યાલય
માગ વદ ૫, સ ૧૯૮૦

પ્રકાશક

પ્રસ્તાવના

મનુષ્ય જાતિના વિવિધ અનુભવભંડારનો વારસ બાળક છે એક બાજુ હજારો સૈકાથી એકઠો થયેલો મનુષ્યજાતિના અનુભવનો ભંડાર છે, અને બીજી બાજુ અશક્ત બાળક છે એ અશક્ત બાળકને જેમ બને તેમ સહેલાઈથી અને ટુંક મુદતમા જ્ઞાનભંડારની ચાવીઓ આપવી એ કેળવણીનુ મુખ્ય કાર્ય છે જ્ઞાન સંગ્રહ કરી રાખવાનુ અને વિચારોની આપલે કરવાનુ સાધન ભાષા છે બાળકના જીવન માટે ભાષાના અભ્યાસની ખાસ જરૂર છે ભાષાના જ્ઞાનની જોડે જોડે બાળકને તેની ઉપાધિઓનો ઉત્તરોત્તર વધારે વિસ્તીર્ણ અને ઉડો પરિચય થાય એમ કરવુ એ પણ જરૂરનુ છે આ હેતુઓ સિદ્ધ કરવા માટે ઉત્તમોત્તમ પદ્ધતિ એ છે કે કોઇ પણ નવીન વિચાર આપતા પહેલા તે વિચારમા સમાતી તેના અંગરૂપ બાબતોનો છૂટો ખ્યાલ આપવો પ્રથમ આમ પૃથક્કરણ કરી પછી એ પ્રમાણે છૂટા પાડેલા વિચાર-અંગોને ભેળવી દેવાનો ક્રમ રાખવો વિચાર તથા બુદ્ધિના કાર્યનુ પૃથક્કરણ કરતા જણાશે કે આપણે આપણા વિચાર દર્શાવીએ છીએ તેની જોડે જોડે આપણા દરેક શબ્દને મળતી વસ્તુઓની પ્રતિમાઓ આપણા મગજમા આવે છે આ વિધિ જેટલી ઝડપથી તથા ચોક્ખાઈથી થાય તેટલે અંશે માણસની બુદ્ધિ કળવાચલી ગણાય છે બુદ્ધિનું માપ સાધારણ રીતે આ રીતે જ કરવામા આવે છે આ સત્ય ધ્યાનમા રાખી આ વાચનમાળાની યોજના કરવામા આવી છે અને તેથી જ વસ્તુનો સીધો પરિચય કરાવવાની બાબત પર ખૂબ ભાર મૂકવામા આવ્યો છે

'બાળકને તેની ઉપાધિથી પરિચિત કરવો જોઇએ' એ સૂત્ર પર વિચાર કરવાની જરૂર છે. 'બાળકની ઉપાધિ'મા શેનો સમાવેશ થાય

છે તે હવે તપાસીએ. બાળકનું ગૃહજીવન, તેના જોવામા રોજ આવતા સાધનો, સંસ્થાઓ, પદાર્થો, નીતિના ખ્યાલ, પ્રાણીઓ તથા વનસ્પતિઓ તેમજ પોતાનો તાલુકો, જીલ્લો, દેશ અને આખી દુનીઆ એ બધાનો સમાવેશ બાળકની ઉપાધિમા થાય છે આ વાચનમાળામા બાળકના ગૃહજીવન, સામાજિક જીવન, તેમજ તેની આસપાસની જડ તથા ચેતન સૃષ્ટિ તેમજ તેનો દેશ તથા પરદેશ સાથેનો સબધ એટલી બાબતોના પાઠો યોજેલા છે

ભૂગોળવિભાગમા પોતાના તથા પારકા દેશ જોડેનો તેનો સબધ સમજાવવા યત્ન કર્યો છે. આ ચોપડીની પ્રસ્તાવનાની ટુકી મર્યાદામા એનુ વધારે લબાણથી સ્પષ્ટીકરણ ભાગ્યેજ થઈ શકે એ દેખીતુ છે

ઉપરના જુદા જુદા વિભાગોને એક એકથી અલગ ન રાખતા રસ અને વિવિધતા ખાતર સેળભેળ કર્યા છે. ખાસ કરીને **દેશભક્તિ તથા સ્વદેશી ભાવનાને પોષવાની બાબત પર ખાસ ભાર મૂકયો છે અને એ ભાવનાઓ ક્રમે ક્રમે ખીલવવાનો યત્ન કરેલો છે.**

કલ્પના અને રસવૃત્તિ બાલજીવનના ઘણા ઉપયોગી અને આગળ પડતા લક્ષણો છે, પરતુ તેમાજ બાલજીવનની પર્યાપ્તિ થતી નથી એમની ખીલવણી પર હદપાર લક્ષ આપ્યાથી, બાળકની અભિવૃદ્ધિ ન ઇચ્છવા જેવી એકદેશીય થવાનો ભય છે

નીતિશિક્ષણ તથા ધર્મખ્યાલોની બાબતમા શિક્ષણકાર્યને ગૌણ રાખી માત્ર સૂચના કર્યાથી પરિણામ વધારે સારૂ આવશે એમ મારૂ માનવુ છે નીતિના સૂત્રો મોઢે કરાવવાથી અથવા તેના લાભનુ વિવરણ કર્યા કરતા નીતિને રસ્તે ચાલનારને થતો ફાયદો તથા નહિ ચાલનારને થતી હાનિ પરોક્ષ રીતે બતાવવાથી વધારે સારી અને ઉંડી અસર થશે એમ હું ધારૂં છુ

પહેલી તથા બીજી ચોપડીમા ગૃહજીવન તથા સામાન્ય જ્ઞાનના વિભાગ પર વિશેષ લક્ષ આપવામા આવ્યુ છે સામાન્ય જ્ઞાનમા પણ પદાર્થ તથા તેમના ધર્મ અને નીતિ તથા સ્વચ્છતાપાલન એ બાબતો પર વિશેષ ભાર મૂકેલો છે બીજી ચોપડીમા સમાજજીવનના પાઠ વધારે છે તથા સવાદપદ્ધતિ કરતા અખડ વાર્તાપદ્ધતિ દાખલ કરી છે ઉત્તરોત્તર વાચનમાળાની ચોપડીઓનો ઝોક વિદ્યાર્થીની ગ્રહણશક્તિની મર્યાદા પ્રમાણે બદલાતો રાખ્યો છે

આ ચોપડી શીખવવાની પદ્ધતિ પહેલી ચોપડીના જેવીજ છે, એટલે તે બાબત અત્રે વધારે કાઇ કહેવાનુ નથી આ ચોપડીમા આ આવૃત્તિમા કવિતાની પસદગીમા ઘણો ફેરફાર કર્યો છે એ બાબતમા આવતી સૂચનાઓનો તેમજ અન્ય સૂચનાઓનો અમે સાભાર સ્વીકાર કરીશુ વિદ્વાનો પોતાના પાકટ અનુભવનો લાભ આપી આ વાચનમાળાને નવી પ્રજા માટે વધારે ને વધારે અનુકૂળ બનાવવાના કાર્યમા મદદ કરશે એવી આશા છે.

છોટાલાલ બાળકૃષ્ણ પુરાણી
ભરૂચ કેળવણી મડળ
ભરૂચ

સાંકળીઉં

ભાગ–૨ ભૂગોળવિદ્યાના પા.

બીજી ચોપડી

પાઠ ૧ લો. અમારો દેશ સારો છે.

(ગઝલ)

જગતના સર્વ દેશોમાં, અમારો દેશ સારો છે;
ભલે ભૂલો કરે તોયે, અમારો દેશ સારો છે. ૧

સરસ પહાડો અમારે ત્યાં, સરસ નદીઓ અમારી છે;
સરસ ફૂલો સદા ઉગે, અમારો દેશ સારો છે. ૨

પશુ પંખી જુદા જુદા, અમારા દેશમાં બહુયે;
બધી ચીજો અહીં પાકે, અમારો દેશ સારો છે. ૩

અમારા દેશમાં સતીઓ, અમારા દેશમાં સાધુ;
અમારા દેશમાં સૌ છે, અમારો દેશ સારો છે. ૪

પ્રભુનો પાડ માનીશું, અમોને જન્મ અહીં દીધો;
સદા ગર્વે અમે કહીશું, અમારો દેશ સારો છે. ૫

ચંદુલાલ મણિલાલ દેસાઈ

---

* આ કવિતા દરેક બાળકને મોઢે કરાવવી.

પાઠ ૨ જો. વાડીમાંનો હીંચકો.



મજબૂત   ધ્‌+યો=ધ્યો.   બાંધ્યો   ચિત્ર

પાઠને મથાળે ચિત્ર છે તે જુઓ. દરેક નાનો છોકરો એ જોઇ ખુશ થાય છે. ચિત્ર જોઇ એને હીંચકાની મઝા યાદ આવે છે નાની બેન ચંપા પડી ન જાય એવી સંભાળ રાખી અરવિંદ બેઠો છે, તે જોઇ દરેક નાની છોકરી બોલે છે "અહો ! કેવું મઝાનું ?"

હીંચકાની બેઠક કેવી મોટી અને પહોળી છે ! ભાઈબેન બન્ને તેની પર સારી રીતે બેસી શકેછે.

હીંચકો ઝાડની ડાળીએ બાંધ્યો છે. હીંચકાનાં દોરડાં કેવાં જાડાં અને મજબૂત છે! હીંચકો બાંધ્યો છે તે ડાળી તો ચિત્રમાં દેખાતી નથી; પણ તે તમારા શરીર જેટલી જાડી છે. એ હીંચકો બરાબર મજબૂત છે કે નહિ તે જોવા અરવિંદના બાપાએ જાતે તેની પર બેસી જોયું. તે મજબૂત છે અને તૂટી નહિ પડે એવી ખાત્રી થઈ, એટલે તેમણે અરવિંદને તેની પર બેસાડયો. તેમણે તેને બન્ને બાજુ દોરડું મજબૂત ઝાલી રાખવા કહ્યું પછી "એક, બે, ત્રણ" એમ બોલી હીંચકો ચલાવી આપ્યો.

નાના અરવિંદના પગ ભોંયે અડકતા નહોતા. હીંચકો બહુ જોરથી ચાલતો હતો. તેણે આવા મોટા હીંચકા પહેલાં કદી ખાધા ન હતા. પણ અરવિંદ બીતો હતો કે? જરાએ નહિ. તે બીકણ નહોતો. તેના વ્હાલા બાપા હીંચકો ચલાવતા હતા, અને તેની સંભાળ લેવા તૈયાર હતા. અરવિંદને તેના પિતા પર બહુ વ્હાલ હતું. એને પુરો ભરોસો હતો કે તેઓ તેને કંઈ ઇજા ન જ થવા દે.

ચંપા ત્રણ વર્ષની થઈ એટલે અરવિંદ તેને હીંચકા ખાવા વાડીમાં લઇ ગયો. ચંપા આજે

પહેલી જ વાર હીંચકે બેસતી હતી. અરવિંદ મોટો હતો. તેને તો હવે હીંચકાની જરાએ બીક લાગતી ન હતી. નાની બેનની સંભાળ લેવાની હતી, તેથી પોતે જાણે મોટો ભાયડો થયો હોય એમ તેને લાગતું હતું. ચંપા તો જરા બીએ છે. જુઓને, એ કેવી ભાઇના પડખામાં ભરાઇ બેઠી છે અને કારડું જોરથી પકડયું છે !

પાઠ ૩ જો. ચંપી અને તેનાં કુરકુરીયાં.

બચ્ચા જન્મે ગેલ

"ઓ સવિતા ! ઓ સવિતા ! જો તો ખરી ચંપીને બચ્ચાં થયાં !" આમ બૂમ પાડતો કનુ વાડામાંથી ઘરમાં ગયો. તેની બેન એની બૂમ સાંભળી ઘરમાંથી દોડતી દોડતી આવી. "હેં મોટાભાઇ ! ચંપીને બચ્ચાં થયાં ! મારે તે જોવાં છે. ભાઈ, તે કયાં છે ?" "બેન, ચંપી આપણા વાડામાં પેલી ભાંગેલી કોઠી પાછળ છે. ચાલ આપણે ત્યાં જઇએ."

એમ કહી ભાઇ બેન બન્ને દોડતાં વાડામાં ગયાં. ત્યાં કોઠીની પાછળ ઘાસમાં ચંપી સુતી

હતી અને તેની પાસે છ નાનાં કુરકુરીયાં હતાં. છોકરાં ગયાં ત્યારે તેમાંનું એક ઘાસમાં ખસવાનો પ્રયત્ન કરતું હતું. સવિતાને તે કુરકુરીયાં રમાડવાનું બહુ મન થયું.

સવિતા—ભાઇ, આપણે એ કુરકુરીયાંને ઘેર રમવા લઈ જઇએ ? આપણે બાને પણ એ કુરકુરીયાં બતાવીશું.

કનુ—બેન, હમણાં એમને ઘેર ન લઇ જવાય. એ હજુ આંખે દેખતાં નથી. એ તો આંધળાં છે.

સવિતા—હેં ભાઇ ! એ આંધળાં છે ?

કનુ—હા, કુતરીનાં અને બિલાડીનાં બચ્ચાં જન્મે ત્યારે આંધળા હોય.

સવિતા—એ કેટલા દિવસ આંધળાં રહેશે ?

કનુ—એ દશ દિવસ સુધી આંધળાં રહેશે. ત્યાં સુધીમાં જો ચંપા અહીંથી ઊઠી બીજે કંઈ જાય તો તે તેમને એક પછી એક મોંમાં ઘાલી ત્યાં લઈ જાય.

સવિતા—ભાઈ, ચંપી એમને મોંમાં પકડે, ત્યારે એના દાંત એમને ન લાગે ? !

કનુ—એજ ખુબી છે ને! એ તો એમને હલકે-થી પકડી સાચવીને લઇ જાય. એને પોતાનાં બચ્ચાં પર બહુ વ્હાલ હોય છે. એ નાનાં છે એવામાં કોઇ એની પાસે જાય, તો તે ખીજવાઈ તેને કરડવા દોડે.

સવિતા—ત્યારે તે આપણને કરડવા કેમ આવતી નથી ?

કનુ—એ આપણને ઓળખે છે તેથી. એ જાણે છે કે આપણે તેની પર માયા રાખીએ છીએ, અને તેને દુઃખ દેતાં નથી આપણે તો તેને ખાવાનું પણ આપીએ છીએ.

સવિતા—ભાઇ, ત્યારે તો એ બચ્ચાં મોટાં થશે ત્યારે આપણે એમને ઘેર લઈ જઇશું

પાઠ ૪ થો. સવારની સ્તુતિ.

(ભુજંગી)

અહો નાથ ! ઉભા અમે હાથ જોડી,
કરો રંક સામે કૃપાદૃષ્ટિ થોડી;
સદા તાપ ને પાપથી તો ઉગારો,
અમે માગીએ ઈશ ઓ ! પ્રેમ તારો.

ઉગ્યો સૂર્ય તો પૂર્વમાં પૂર તેજે,
ગઇ રાત વીતી, જુઓ વાત સ્હેજે;
પ્રભો ! તું વિના કોણ સંભાળનારો ?
અમે માગીએ ઇશ ઓ ! પ્રેમ તારો.

પશુ, પક્ષી ને પ્રાણીઓ કામ લાગ્યાં,
પડી એમ ઉદ્યોગમાં સુખ માગ્યાં;
અમારી પ્રભો ! બુદ્ધિ વિદ્યા વધારો,
અમે માગીએ ઇશ ઓ ! પ્રેમ તારો.

કુડાં દુઃખ કાપી રૂડાં સુખ આપો,
અમારા શિરે નાથજી હાથ થાપો;
સુખે જાય આ આજનો દિન સારો,
અમે માગીએ ઇશ ઓ ! પ્રેમ તારો.

ખબરદાર

પાઠ ૫ મો. સાચું બોલનાર છોકરો.

ઝળઝળીઆં ગુસ્સો છેતર્યો

ચંદુલાલ નામનો એક છોકરો ઘરમાં દડો લઇ રમતો હતો. તેની બાએ તેને કહ્યું "ચંદુભાઇ, તું ઘરમાં દડે રમ નહિ. દડાથી ફાનસનો ગોળો, છબીનો કાચ કે અરીસો ફુટી જશે, અને તારા બાપા બહુ ગુસ્સે થશે."

ચંદુલાલે એની બાનું કહ્યું માન્યું નહિ. એ અને એનો ભાઇબંધ મણિલાલ દીવાનખાનામાં દડાથી રમવા લાગ્યા. રમતાં રમતાં ચંદુલાલના હાથમાંથી દડો છટકી ગયો અને ભીંતે લટકાવેલી એક મોટી છબીના કાચને અથડાયો. છબીનો કાચ ભાંગી કકડે કકડા થઇ ગયા.

ચંદુલાલની આંખમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં. એને પોતાની ભૂલ સમજાઇ. માનું કહ્યું માન્યુ હોત તો સારૂં થાત એમ તેને લાગ્યું. એના ભાઇબંધ મણિલાલે કહ્યુ "ઓહો ! ચંદુભાઈ, એમાં રડે છે શું ? તું તારા બાપાને કહેજે ને કે બીલાડીએ છબી પાડી નાખી તેથી તેનો કાચ ભાંગી ગયો." આ સાંભળી ચંદુલાલનું મોં શરમથી ઉતરી ગયું. તેણે મણિલાલને કહ્યું "નહિ,

મણિભાઇ, એમ કેમ કહેવાય? એ તો જુઠું બોલ્યા કહેવાય. કાચ તો મારાથી ભાંગ્યો છે. હું તો સાચે-સાચુ જે બન્યુ છે તે જ કહીશ મારા બાપાને મારી પર બહુ હેત છે. હું જુઠું બોલું તો મેં તેમને છેતર્યા કહેવાય. હું મારા ભલા બાપાજીને કદી છેતરીશ નહિ."

ચંદુલાલના બાપ વેણીલાલ નિશાળમાં મહેતાજી હતા. તે દીવાનખાનામાં આવ્યા એટલે તેમણે છબીનો કાચ તૂટેલો જોયો. તેમણે ગુસ્સાથી પૂછ્યું, "અરે! આ મોટી છબીનો કાચ કોણે ભાંગ્યો?" બાપને ગુસ્સે થયેલા જોઇ ચંદુલાલ ગભરાયો તો ખરો, પણ તે જુઠું બોલ્યો નહિ. આંખમાં આંસુ સાથે તેણે કહ્યું "બાપાજી એ કાચ મારાથી ભાંગ્યો છે. મેં મારી બાનુ કહ્યું માન્યું નહિ અને ઘરમાં દડાથી રમ્યો, તે મારી ભૂલ થઇ. હું હવેથી એવું કદી કરીશ નહિ." પોતાના છોકરાની સાચું બોલવાની ટેવથી વેણુ-લાલ બહુ ખુશ થયા. તેમણે ચંદુલાલને શિક્ષા ન કરી. ઉલટો તેને છાતી સરસો ચાંપી તેમણે કહ્યું, "બેટા! હમેશાં સાચું જ બોલજે. સાચું બોલનાર પર ઇશ્વર રાજી રહે છે અને તે સુખી થાય છે. જુઠું બોલી બીજાને છેતરનાર દુઃખી થાય છે."

પાઠ ૬ ઠ્ઠો. જુઠું ન બોલવું.

જુઠું બોલી જન કદી, છેતરવાને જાય;
જુઠું છાનુ નવ રહે, લોકો જાણી જાય.
જુઠાને લોકો બધા, કરે બહુ ફિટકાર;
માટે બાળક સૌ તમે, કરો સત્ય વહેવાર.
પ્રભુથી છાનું જગતમાં, કૈ રે'ના તલભાર;
જુઠો પાપી જગતમા, પામે દુ ખ અપાર

પાઠ ૭ મો. મૂળાક્ષર.

મૂળાક્ષર સ્વર ઉચ્ચાર

વ્+યં=વ્ય. વ્યંજન

નીચેના અક્ષર વાંચો :—

(૧) અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ
(૨) ક્, ખ્, ગ્, ઘ્, ઙ્; ચ્, છ્, જ્, ઝ્, ઞ્;
ટ્, ઠ, ડ્, ઢ્, ણ્; ત્, થ્, દ્, ધ્, ન્;
પ્, ફ્, બ્, ભ્, મ્; ય્, ર્, લ્, વ્;
શ્, ષ્, સ્; હ્, ળ્.

આ ગુજરાતી ભાષાના અક્ષર છે. એ બારાખડીના અક્ષર કહેવાય છે. એમને મૂળાક્ષર પણ

૧૧૨૪૧

કહે છે. ગુજરાતી ભાષામાં ૪૫ મૂળાક્ષરો છે. તેમાં ૧૧ સ્વર અને ૩૪ વ્યંજન છે. ઉપર (૧) ની આગળ લખેલા અક્ષર સ્વર કહેવાય છે. (૨) ની આગળ લખેલા અક્ષર વ્યંજન કહેવાય છે. ઘણીવાર બે કે વધારે વ્યંજનો જોડાયેલા હોય છે. 'સ્વર' એ શબ્દમાં 'સ્' અને 'વ' જોડાઇ 'સ્વ' એવો એક અક્ષર બનેલો છે. આ પ્રમાણે બે કે વધારે વ્યંજનોના જોડાવાથી થયેલા અક્ષર જોડાક્ષર કહેવાય છે. સ્વાદમાં 'સ્વા', રહ્યોમા 'હ્યો', વ્યંજનમાં 'વ્ય' એ જોડાક્ષર છે. જોડાક્ષરમાં જે અક્ષર પહેલો હોય તેનો ઉચ્ચાર પહેલો કરવો અને તેની પછી આવેલા અક્ષરનો ઉચ્ચાર તેની પછી કરવો.

પાઠ ૮ મો. વાક્ય અને ચિહ્નો.

અલ્પવિરામ હ્+ન=હ્ન. ચિહ્ન

બે કે વધારે અક્ષર સાથે સાથે લખવાથી જુદી જુદી ચીજોનાં કે માણસોનાં નામ બને. અક્ષરનાં એવાં ઝુમખાં 'શબ્દ' કહેવાય. 'ગાય', 'ભેંસ', 'મોહનલાલ', 'દોડે છે' એ બધા શબ્દો

છે. શબ્દમાં એક કે વધારે અક્ષર હોય છે. આપણા મનની કંઈ વાત કહેવી હોય તો આપણે બોલીએ છીએ કે લખીએ છીએ. આમ મનની વાત કહેવામાં જે શબ્દો વાપરીએ તે બધા મળી વાકય થાય. વાકયમાં ઘણા શબ્દ આવે, અને તેનાથી આપણા મનની વાત બીજા માણસને કહી શકાય. એક વાકય પુરૂં થાય એટલે તેના છેલ્લા શબ્દ આગળ (.) આવું ટપકું કરે છે. એ ટપકું પૂર્ણવિર ચિહ્ન કહેવાય. એવું ટપકું આવે એટલે વાંચતાં અટકવું અને શ્વાસ મૂકી દેવો વાકયમાં સવાલ પૂછવાનો હોય તો તેને છેડે (?) આવી નિશાની કરે છે. એ નિશાની પ્રશ્ન ચિહ્ન કહેવાય. વાકય લાંબું હોય તો તેમાં વચ્ચે કોઈ જગાએ (,) આવું ચિહ્ન આવે છે. એ અલ્પવિરામ કહેવાય છે. એવું ચિહ્ન આવે ત્યાં શ્વાસ મૂકી દઈ અટકી જવું નહિ, પણ જરા અટકી પૂર્ણવિરામ ચિહ્ન આવતાં સુધી આગળ વાંચવું.

પાઠ ૯ મો. અઠવાડીઉં અને વાર.



ક્+ર=ક્ર. શુક્ર લ્+લ=લ્લ. છેલ્લો

ગુરુ—હું પાટીયા પર લખું તે નામ તમે વાંચજો, અને હું બોલું તેમ બોલજો. રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ. રતિલાલ, હવે તું એ બધાં નામ બોલી જા. કેટલાં નામ થયાં?

રતિલાલ—જી, રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ. સાત નામ થયાં.

ગુરુ—એ દરેક એક એક દિવસનું નામ છે. રવિથી શનિ સુધીના સાત દિવસનું એક અઠવાડીઉં થાય. અઠવાડીઆનો દરેક દિવસ વાર કહેવાય છે સાત વારનું એક અઠવાડીઉં થાય રવિવાર અઠવાડીઆનો પહેલો દિવસ છે અને શનિવાર તેનો છેલ્લો દિવસ છે રવિવાર અઠવાડીઅના પહેલો વાર છે. સોમવાર બીજો વાર છે. બુધવાર અઠવાડીઆનો કેટલામો વાર છે ?

સોમચન્દ્ર—જી, બુધવાર અઠવાડીઆનો ચોથો વાર છે.

ગુરુ—અઠવાડીઆનો પાંચમો વાર કયો ?

માણેકલાલ—જી, પાંચમો વાર ગુરુ છે.

ગુરુ—આજે સોમવાર છે ગઈ કાલે રવિવાર હતો. આવતી કાલે મંગળવાર થશે અને પરમ દહાડે બુધવાર થશે.


મોતીલાલ—ગુરુજી, ગઇ કાલ એટલે કયો દહાડો ?

ગુરુ—આજના દિવસ પહેલાંનો દહાડો તે ગઇ કાલ. આજનો દિવસ પુરો થશે એટલે નવો

દિવસ થશે. તે આવતી કાલ કહેવાય છે. હવે તમે અઠવાડીઆના વાર યાદ રાખવા હું તમને કવિતા કહું તે મોઢે કરજો.

રવિ, સોમ, મંગળ અને, બુધ, ગુરુ, શુક્રરવાર;
શનિ આવે છે સાતમો, વળી ફરીથી રવિવાર. ૧
રવિ પછી તો સોમ છે, ત્રીજો મંગળવાર;
ચોથો બુધ, ગુરુ પાંચમો, પછી શુક્ર છે વાર. ૨
શનિવાર તે સાતમો છેલ્લો વાર ગણાય;
એમ એક અઠવાડીઉં સાત વારનું થાય. ૩

પાઠ ૧૦ મો. પખવાડીઉં અને તિથિઓ.



ક્+લ=ક્લ. શુક્લપક્ષ.

ક્+ઋ=કૃ. ષ્+ણ+ષ્ણ. કૃષ્ણપક્ષ

બે અઠવાડીઆનું એક પખવાડીઉં થાય. પખવાડીઉં કેટલા દિવસનું થાય? પખવાડીઉં પંદર દિવસનું થાય. પખવાડીઆનો દરેક દિવસ તિથિ

કહેવાય છે. પખવાડીઆની તિથિ કેટલી ? પખવાડીઆની તિથિ પંદર હોયછે. પખવાડીઆનું બી નામ પક્ષ છે. બે પખવાડીઆનો એક માસ કે મહિનો થાય મહિનાનાં પખવાડીઆં કેટલાં ? મહિનાનાં અઠવાડીઆં કેટલાં ? પખવાડીઆના દહાડા કેટલા ? મહિનાના દિવસ કેટલા ? બાર મહિના મળી એક વર્ષ થાય. વર્ષના મહિના કેટલા ? વર્ષનાં અઠવાડીઆં કેટલાં ?

એક પખવાડીઆમાં ચંદ્ર દહાડે દહાડે મોટો થતો જાય છે એ પખવાડીઆને અજવાળીઉં કહે છે. એક પખવાડીઆમાં ચંદ્ર રોજ નાનો ને નાનો થતો જાય છે. એ પખવાડીઆને અંધારીઉં કહે છે. હુ અજવાળીઆની તિથિનાં નામ બોલું છું. પડવો, બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, છઠ, સાતમ, આઠમ, નોમ, દશમ, અગીયારશ, બારશ, તેરશ, ચૌદશ અને પૂનમ. અંધારીઆની તિથિઓનાં પણ એજ નામ છે, પણ અંધારીઆની છેલ્લી તિથિ અમાસ કહેવાય છે. અજવાળીઆનો છેલ્લો દહાડો અથવા છેલ્લી તિથિ પૂનમ છે. પૂનમ પછી અંધારીઉં શરૂ થાય. અંધારીઆનો છેલ્લો દહાડો અમાસ છે. અમાસ પછી અજવાળીઉં શરૂ થાય.

અજવાળીઆની તિથિઓ સુદ તિથિઓ કહે-

વાય છે. અંધારીઆની તિથિઓ વદ તિથિઓ કહેવાય છે. અજવાળીઆનું બીજું નામ શુક્લપક્ષ છે. અંધારીઆનું બીજું નામ કૃષ્ણપક્ષ છે. અમાસને દિવસે ચંદ્ર બીલકુલ દેખાતો નથી.

અજવાળીઆની છેલ્લી તિથિ કઈ? કયા પખવાડીઆમાં ચંદ્ર રોજ મોટો થતો જાય છે? કયા દિવસ પછી અજવાળીઉં શરૂ થાય છે? કઈ તિથિઓ સુદ તિથિઓ કહેવાય? મહિનાનાં પખવાડીઆં કેટલાં? કૃષ્ણપક્ષ એટલે શું? કયે દિવસે રાતે ચંદ્ર બીલકુલ દેખાતો નથી? ચાંદની કયા પખવાડીઆમાં હોય છે? રાતે એકલા તારા કયે દિવસે દેખાય? ચંદ્ર આકાશમાં એકલો કયારે હોય છે?

પાઠ ૧૧ મો. પ્રભાતીયું.

જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા,
  તુજ વિના ધેનમાં કોણ જાશે?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા,
  વડો રે ગોવાળિયો કોણ થાશે?—જાગને૦
દહીં તણાં દહીંથરાં, ઘી તણાં ઘેબરાં,
  કઢિયેલાં દૂધ તે કોણ પીશે?

હરિ તાર્યો હાથિયો, કાળિનાગ નાથિયો,
ભૂમિનો ભાર તે કોણ વ્હેશે ?—જાગને૦
જમુનાને રે તીરે ગોધેન ચરાવતાં
મધુરી શી મોરલી કોણ વાશે ?
ભણે મ્હેતો નરસૈંયો ગુણ ગાઇ રીઝીયો,
બૂડતાં બાંહેડી કોણ સ્હાશે ?—જાગને૦

નરસિંહ મહેતા.

પાઠ ૧૨ મો. વાંદરાંની વાતો—ભાગ ૧

વિસામો લુચ્ચાં નાળિયેર

એક વેપારી લાલ ટોપીઓનું પોટલું લઇ એક જંગલમાં થઇ જતો હતો બપોરે તાપ બહુ પડવા માંડયો, અને તે ચાલીને થાકયો હતો. તેથી તેણે વિસામો લેવાનો વિચાર કર્યો. તે એક ઝાડ નીચે બેઠો અને પેલું પોટલું છોડી તેમાંથી એક ટોપી પહેરી થાક ખાવા જરા આડો થયો.

તે ઝાડ પર વાંદરાંની મોટી સેના બેઠી હતી. વાંદરાંએ તેને ટોપી પહેરતાં જોયો હતો. કોઇ માણસ કંઈ કામ કરતું હોય, તો તે જોઇ તેના જેવું કરવાની વાંદરાંને ટેવ હોય છે. પેલો વેપારી સુતો

કે તરતજ ધીમે ધીમે એક પછી એક તે વાંદરાં નીચે ઉતર્યાં, અને હળવેથી પેલા પોટલામાંથી એક એક ટોપી લઇ પોતાને માથે પહેરી ઝાડ પર ચઢી ગયાં.

થોડી વાર પછી પેલો વેપારી જાગ્યો, અને જુએ તો પોટલામાં એકે ટોપી ન મળે. તે આમ જુએ અને તેમ જુએ. આખરે ઝાડની ઘટામાં ચીચીયારીઓ સાંભળી તેણે ઉપર જોયું, તો ઝાડની ડાળીઓ પર વાંદરાં બેઠાં હતાં. ને દરેકને માથે ટોપી પહેરેલી હતી. વાંદરાંની પાસથી ટોપીઓ કેવી રીતે પાછી લેવી તેની તેને સુઝ ન પડી. આખરે તેણે ચીડાઈ પોતે પહેરી હતી તે ટોપી માથેથી કાઢીને ભોંય પર ફેંકી કહ્યું "લુચ્ચાં ચોર, બધી ટોપીઓ લઈ ગયાં, તો આ પણ લઈ જાઓ." તેને માથા પરથી ટોપી કાઢી ભોંય પર ફેંકતો જોયો, એટલે બધાં વાંદરાંએ પણ તેમજ કર્યું. આ રીતે વેપારીને તેની બધી ટોપીઓ પાછી મળી.

વાંદરાંની આ ટેવ લંકાના લોક જાણે છે. તે અવાજ કરી વાંદરાંને નાળિયેરના ઝાડ પર ચડાવે છે. પછી તેઓ વાંદરાંને નીચેથી પથરા મારે છે. એટલે વાંદરાં ઝાડ પરથી તેમને નાળિયેર મારે છે.

પછી તે લોકો નીચે પડેલાં નાળિયેર એકઠાં કરે છે. આવી રીતે તે લોકો વાંદરાં પાસે મફત મજૂરી કરાવે છે.

પાઠ ૧૩ મો. વાંદરાંની વાતો—ભાગ ૨.

ગભરાઇ   શક્તિ   અડપલાં

એક માણસે વાંદરો પાળ્યો હતો. તેને ઘેર લગ્ન હતું, તેથી તે પોતાનું ઘર રંગાવતો હતો. કારીગરો પીંછી લઇ રંગમાં બોળી લાકડે ચોપડતા હતા. તે તે રોજ જોયા કરતો હતો. એક દિવસ બધા કારીગર અને મજૂર જતા રહ્યા પછી તે ધીમેથી ઘરમાં ગયો અને પાળેલી બિલાડી પકડી લાવ્યો. બિલાડી બહુએ ગભરાઇ અને મીયાઉં, મીયાઉં કરવા લાગી, પણ શું કરે ? વાંદરાએ પોતાના પગ વતી તેને મજબૂત પકડી રાખી, અને એક હાથે તેનુ માથું પકડી બીજે હાથે રંગમાં પીંછી બોળીને તેને મોઢે રંગ લગાડવા માંડ્યો એટલામાં ઘરમાંથી એક નોકર આવ્યો, તેણે બિલાડીને છોડાવી. આ ગમત જોઈ તેને ખૂબ હસવું આવ્યું.

એક વાર આ વાંદરે પોતાના શેઠને શરીરે સાબુ ચોળી નહાતાં જોયા. એ નાહીને ગયા એટલે

વાંદરાભાઈ પાટલા પર બેઠા, અને માથા પર પાણી રેડી શરીરે સાબુ લગાડવા લાગ્યા! આ પ્રમાણે નાહી ચોકખા થઇ તે બહાર તડકામાં તાપવા ગયા!

માણસ જેવું કરે તેવું કરવાની શક્તિ વાંદરાંમાં છે, તેથી મદારી લોક તેમને પાળી જુદા જુદા ખેલ કરતાં શીખવે છે. વાંદરાં ચાલાક તો છે, પણ બહુ અડપલાં અને તોફાની હોય છે.

પાઠ ૧૪ મો. દશ ગણો.



રીસાળ કુટેવ બેદરકાર સુંદર કુમળા

મણિલાલના કાકા મુંબઇથી આવ્યા હતા. તે તેને માટે એક નાનીશી કોદાળી લાવ્યા હતા. તેમણે મણિલાલને બોલાવ્યો અને તેને પેલી કોદાળી તથા બીયાંની એક ડબ્બી આપી.

મણિલાલના બાપે તેને બાગ બનાવવા માટે વાડામાં જમીનનો એક નાનો ટુકડો આપ્યો હતો.

કોદાળી અને બી મળ્યાં કે તુરતજ મણિલાલ ઘરની પાછળ વાડામાં ગયો, અને પોતાના બાગની જમીન ખોદવા લાગ્યો. તેની બેન ચંદન તેની પાસે ઉભી ઉભી વાતો કરતી તી. તેના હાથમાં બીયાંની ડબ્બી હતી.

તે વાતો કરતી હતી તેવામાં તેના હાથમાંથી ને ડબ્બી નીચે પડી ગઇ. ડબ્બીનું ઢાંકણું ઉઘડી ગયું અને બધાં બી જમીન પર વેરાઇ ગયાં.

ચંદન બહુ ભલી અને ડાહી છોકરી હતી બીયાં વેરાઇ જવાથી પોતાના ભાઇને બહુ દુઃખ થશે એમ જાણી તે રડી પડી, અને બોલી "મણિભાઇ, તું મારી જોડે કેમ નથી બોલતો ? શું તને રીસ ચઢી છે ?" પણ મણિલાલ કંઇ બોલ્યા વગર મૂગો ઉભો રહ્યો. ચંદને ફરીથી પૂછયું "મણિભાઇ, તું મારી જોડે કેમ બોલતો નથી ?" મણિલાલે કહ્યુ "બેન હું દશ ગણતો હતો, તેથી તારી જોડે ન બોલ્યો." ચંદને પૂછયું "દશ ગણતો હતો ! શા માટે દશ ગણતો હતો ?" મણિલાલે કહ્યું "કાકાએ મને કહ્યું છે કે જ્યારે રીસ ચઢે, ત્યારે કંઇ પણ બોલતા પહેલાં દશ ગણવા. ચંદનબેન, હું બહુ રીસાળ છું, અને ઘણીવાર અકળાઇ રીસાઉં છું.

મારી એ કુટેવ મારે સુધારવી છે. વ્હાલી બેન હું તારી જોડે નકામો લડું છું અને તને દુઃખ દઉં છું ”

ચંદને કહ્યું “મણિભાઈ, તું કેવો માયાળુ છે ! મેં ડબ્બી પાડી નાખી એ મારી બેદરકારી કહેવાય. પણ જો ભાઇ, મેં બધાં બી પાછાં વીણી લીધાં છે.”

જમીન ખોદાઇ રહી એટલે ભાઇ બેને તેમાં બી વાવ્યાં. એ બી એવી રીતે વાવ્યાં કે ઉગે ત્યારે “મણિલાલ” એવું નામ વંચાય. રોજ બેઉ ભાઈ-બેન બીને પાણી પાવા અને કઇ ઉગ્યું છે કે કેમ તે જોવા જાય. એક દિવસે સવારના મણિલાલ આવીને જુએ છે તો લીલાંછમ કુમળાં પાંદડાં જમીનની બહાર નીકળી આવ્યાં હતાં. તે એની બેનને બોલાવવા દોડતો ઘરમાં ગયો. દિવસે દિવસે એ છોડ મોટા થયા, અને આખરે તેમની ઉપર સુંદર ફૂલ પણ બેઠાં. એથી છોકરાંઓને ઘણો આનંદ થયો.

પાઠ ૧૫ મો. મૂળ તથા મેળવણીના રંગ.

શ્ + ર = શ્ર. મિશ્ર

આ પીંછી છે, અને આ લાલ, પીળા તથા વાદળી રંગની ગોટીઓ છે. પીછીને પાણીમાં બોળી લાલ રંગની ગોટી પર ઘસો. પછી પીંછી પર થોડો લાલ રંગ લઇ સફેદ કાગળ પર તે રગ લગાવો. પછી બીજી પીંછીથી લાલ રંગ પર પીળો રંગ લગાવો. આમ કરવાથી નવો રંગ થ ય છે. લાલને બદલે હવે નારંગી રંગ થાય છે.

હવે પહેલાં, કાગળ પર પીળો રંગ કરી તેની ઉપર વાદળી રંગ ચડાવો. પીળો અને વાદળી મળી લીલો રંગ થશે. તેવી રીતે લાલ અને વાદળી મળવાથી જાબુડીયો રંગ થશે.

નારંગી, લીલો અને જાંબુડીયો એ ત્રણ રંગ બે રંગ મળવાથી થાય છે, તેથી તેઓ મેળવણી-ના રંગ અથવા મિશ્ર રંગ કહેવાય છે. લાલ, પીળો અને વાદળી એ મૂળ રંગ કહેવાય છે. લાલ, પીળો અને વાદળી એ ત્રણ મુખ્ય રગ મેળવતાં કાળો રંગ બને છે. કાળા અને ધોળા રંગનું મિશ્રણ કર્યાથી રાખોડીયો રગ થાય છે.

(દોહરો)

લાલ પીળો ને વાદળી, મૂળ રંગ કહેવાય;
બાકીના બીજા બધા, મેળવણીથી થાય.

પાઠ ૧૬ મો. સીમની સહેલ.

આંબાવાડીઉં સુગંધિ પતંગીયાં ગોટા ટહુકતી

ચૂ+છ=ચ્છ. ગુચ્છાદાર

એક દિવસ ગુરુજીએ કહ્યું. "છોકરાઓ, કાલે નિશાળમાં રજા છે; આપણે ગામની બહાર સહેલ કરવા જઇશું ?" બધા છોકરાએ હા કહી. સહેલના વિચારથી બધા રાજી રાજી થઈ ગયા. બીજે દિવસે સવારમાં બધા ભેગા મળી ગામની બહાર આંબાવાડીઆમાં ગયા. પાછળનું ચિત્ર જુઓ, એટલે તમે તેમને જોશો.

આંબાવાડીઆમાં આંબા પર બહુ મ્હોર આવ્યો હતો. મ્હોરના સુગંધિ ભળવાથી હવા સુગંધિવાળી થઇ હતી. બધા છોકરા આંબાની ઘટા નીચે બેઠા. એક પાણીનો ઝરો ખળખળ કરતો, નાચતો કુદતો, ગડકામાં હસતો, તેમના પગ આગળ થઈ વહેતો હતો. એ ઝરો આ આંબાવાડીઆમાં થઇ આઘે એક નદીને મળતો હતો. ગુચ્છાદાર પૂંછડાવાળી



ખીસકોલીઓ ઝાડની ડાળીઓ પરથી તેમના તરફ જોતી હતી, અને આમતેમ દોડતી કુદતી હતી આંબાની ઘટામાંથી કોયલ ટહુકતી હતી.

સામે ખેતરોમાં, ઉંચા છોડ પવનથી આમતેમ ડોલતા હતા. પવન આવતો ત્યારે તેમનાં પહોળાં

પાંદડાં એક સામટાં ફડફડતાં. તે વખતે મધુરો અવાજ સંભળાતો. જાણે છોડ ગાતા હોય તેમ લાગતું.

વાડોમાં આનંદી પતંગીયાં તથા મોટા ભમરા એક ફુલ પરથી બીજા ફુલ પર ઉડતાં હતાં. વાડની પાછળ જંગલ હતું.

કેટલાક છોકરા વાડમાં ઉગેલાં ફૂલ વીણવા લાગ્યા. કેટલાક ફૂલ વીણી વીણી માળા તથા ગોટા બનાવવા લાગ્યા. બીજા કેટલાક ઝાડ પર બાંધેલે હીંચકે હીંચકો ખાવા લાગ્યા. જુઓ, પેલો છોકરો તો વળી ઝરાના ચોકખા ઠંડા પાણીમાં પગ રાખી ને ઉભો છે ! બધા છોકરા ખુશ છે. તેમને બહુ મઝા પડે છે. અહીં આવવું તેમને બહુ ગમે છે. જંગલનો આ ભાગ ઘણોજ સુંદર છે.

પાઠ ૧૭ મો. ઋતુઓની સમજ.

શિયાળો ઉનાળો ચોમાસું

લૂ દાઝે

બાપાજી, હું તો હમણાંજ નિશાળેથી આવ્યો અને એટલામાં સાંજ પડ ગઇ! મારે રમવા જવું હતું, પણ હવે શું કરૂં? સાંજ આટલી બધી વહેલી કેમ પડી ગઇ? પહેલાં તો હું નિશાળેથી આવી રમવા જતો અને રમીને આવતો, ત્યારે સાંજ પડતી હતી.

નટવર, આ શિયાળો છે. જોને, સવારે કેવી ટાઢ પડે છે! બધા લોકો કેવા ચાદર કે શાલ ઓઢી જાય છે! રાતે તારાથી એકલી ચાદર ઓઢી સુવાય છે?

ના બાપાજી, ચાદર પર રજાઈ લઉં ત્યારે ટાઢ ખાળે છે.

નટવર, જે મહિનાઓમાં આવી ટાઢ પડે તે શિયાળાના મહિના કહેવાય. શિયાળામાં દહાડો ટુંકો થાય અને રાત લાંબી થાય.

બાપાજી, દહાડો ટુંકો કેવી રીતે થાય?

નટવર, બોલ જોઉં, દહાડો કોને કહેવાય? તુ તે શીખી ગયો છે ને?

હા, બાપાજી, સૂર્ય ઉગે ત્યારથી આથમે ત્યાં સુધીનો વખત દહાડો કહેવાય.

ત્યારે જો, શિયાળામાં સૂર્ય મોડો ઉગે છે અને વહેલો આથમે છે; એટલે દહાડો ટુંકો થયો ને ? પહેલાં સાત વાગતામાં આપણા ઘરમાં સૂર્યનું તેજ આવતું હતું, અને હવે તો આઠ વાગે તે આવે છે. પહેલાં તું નિશાળેથી આવી રમવા જતો અને રમીને આવતો ત્યારે અંધારૂં થતું; હવે તો તું નિશાળેથી આવે છે, એટલામાં અંધારૂં થઈ જાય છે.

બાપાજી, આવી ટાઢ કયાં સુધી રહેશે ?

ભાઈ, ચાર મહિના આવી ટાઢ રહેશે. દીવાળીથી ટાઢ પડવા માંડે અને હોળી સુધી પડયા કરે.

બાપાજી, ત્યારે એ ચાર મહિના શિયાળો કહેવાય ?

હા, ભાઈ.

શિયાળો થઈ રહે પછી શું ?

શિયાળો થઈ રહે એટલે ટાઢ જતી રહે. પછી ગરમી પડવા માંડે. પછી ખૂબ તાપ પડે. જોડા પહેર્યાં વગર બહાર જઇએ તો પગ દાઝે. બપોરે ઉની લૂ વાય. બપોરે બહાર જવું ગમે નહિ. રાત્રે ઓઢવું ન પડે. શરીરે કપડાં પહેરવાં ન ગમે.

બાપાજી, એવું થાય ત્યારે શું થયું કહેવાય ?

ત્યારે ઉનાળો થયો કહેવાય. ઉનાળામાં દહાડો લાંબો અને રાત ટુંકી થાય. સવારે સૂર્ય વહેલો ઉગે અને સાંજે મોડો આથમે.

ત્યારે બાપાજી, વરસાદ પડે છે તે શું કહેવાય ?

તે ચોમાસુ કહેવાય. ચોમાસામાં આકાશ કાળાં વાદળાંથી છવાઈ જાય, ઘણીવાર તો સૂર્ય દેખાતો બંધ થઈ જાય. પછી જોરથી પવન વાય અને આકાશમાંથી વરસાદનાં ટીપાં જોરથી પડવા માંડે. જમીન પર બધે પાણી પાણી થઈ જાય. છત્રી વગર બહાર નિકળીએ તો પલળી જવાય. ચોમાસામાં નદીઓમાં રેલ આવે. ચોમાસામાં પણ દહાડા લાંબા અને રાત ટુંકી હોય છે.

ત્યારે જો નટવર ! શિયાળો, ઉનાળો અને ચોમાસું એ વર્ષની ઋતુઓ કહેવાય.

બાપાજી, વર્ષમાં ઋતુ ત્રણ હોય છે, ખરૂં ને ?

હા.

પાઠ ૧૮ મો. ઋતુઓની કવિતા.

શિયાળે શીતળ વા વાય, પાન ખરે ઘઉં પેદા થાય;
પાકે ગોળ કપાસ કઠોળ, તેલ ધરે ચાવે તંબોળ.
ધરે શરીરે ડગલી શાલ, ફાટે ગરીબ તણા પગ ગાલ;
ઘટે દિવસ ઘણી મોટી રાત, તનમાં જોર મળે ભલી ભાત.
ઉનાળે ઉંડાં જળ જાય, નદી સરોવર જળ સૂકાય;
પામે વનસ્પતિ સૌ પાન, કેસૂડાં રૂડાં ગુણવાન.
સારા હોજ ફુવારા બાગ, પ્યારા ચંદન પંખા લાગ.
બોલે કોયલ મીઠા બોલ, તાપ પડે તે તો વણ તોલ.
ચોમાસું તો ખાસું ખૂબ, દીસે દુનિયા ડૂબાડૂબ;
લોક ઉચારે રાગ મલાર, ખેતર વાવે ખેતીકાર.
ચંપા ચંપેલી જુઈ જાય, ફુલ ગુલાબ ભલાં ફુલાય;
છત્રી ચોમાસે સુખ માટ, ચાખડીઓ હીંડોળા ખાટ.

દલપતરામ

પાઠ ૧૯ મો. રીંછની વાત.

ચાલો હું તમને રીંછની એક વાત કહું. એક મદારી રીંછ લઈ ધર્મશાળામાં ઉતર્યો. રીંછને ચોગાનમાં બાંધી તે વાળુ કરવા બેઠો. ધર્મશાળાને ઉપલે માળ કોઈ માણસ રહેતો હતો. ત્યાં દીવો

બળતો હતો, અને ત્રણ છોકરાં રમતાં હતાં. ચોગાનમાં બહુવાર બેસી રીંછ કંટાળ્યું. મદારીએ તેને બરાબર બાંધ્યું નહોતું તેથી જરા જોર કરતાં તેની સાંકળ છૂટી ગઈ. હવે તેણે તો ધર્મશાળાના દાદરા પર ચડવા માંડ્યું.

ઉપર જઈ તેણે બારણાને ધક્કો માર્યો. બારણું ફડાક ઉઘડી ગયુ, અને રીંછ ઓરડામાં દાખલ થયું. પહેલાંતો છોકરાં બીન્યાં અને ખૂણામાં ભરાઈ ગયાં. પણ રીંછે તે બધાંને એક પછી એક શોધી કહાડયાં. હવે તો છોકરાંની બીક ભાંગી ગઇ. તેમણે હવે રીંછ જોડે રમવા માંડયું. બંદુકની પેઠે ખભે લાકડીઓ મૂકી તેમણે 'સીપાઈ, સીપાઈ' રમવા માંડયું. તેમણે રીંછને પણ એક લાકડી આપી. તેમની પેઠે તેણે પણ તે ખભે મૂકી. પછી આખા ઓરડામાં તેમણે કૂચ કરવા માંડી.

છોકરાંની મા બહાર ગઈ હતી તે એટલામાં પાછી આવી. બારણું ઉઘાડી અંદર આવી રીંછને જોતાં તેનું તો કાળજું ફફડી ગયું. પણ એટલામાં સૌથી નાના છોકરાએ આવી કહ્યું "બા, બા, અમે સીપાઈ, સીપાઈ રમીએ છીએ." એટલામાં મદારી રીંછ શોધવા આવ્યો, અને રીંછને નીચે લઈ ગયો.

પાઠ ૨૦ મો. હાથીની વાતો.

(૧)

એક હાથી સાંજે તળાવે પાણી પીવા જતો હતો. રસ્તે દરજીની દુકાન આવી. હાથીનો માવત દરજી જોડે કાંઈ વાત કરતો હતો. હાથીએ દુકાનની બારીમાં પોતાની સુંઢ નાખી. દરજીએ તેને કેળાં આપ્યાં.

બીજે દહાડે પણ હાથીએ દરજીની બારીમાં સુંઢ નાખી. દરજીએ તેને કાંઈ ખાવાનું આપ્યું. રોજ સાંજે પાણી પીવા જતાં હાથી દરજીની બારીમાં સુંઢ ધરે અને દરજી રોજ તેને કાંઈ ખાવાનું આપે.

એક દિવસ દરજી બહુ કામમાં હતો. ગામમા લગનસરા ચાલતા હતા અને તેને બહુ લુગડા શીવવાનાં હતાં. હાથીએ રોજની પેઠે બારીમાં સુંઢ ઘાલી. દરજીએ તેને કાંઈ ખાવાનું ન આપ્યું પણ તેની સુંઢમાં સોય ઘોંચી. હાથીએ એકદમ સુંઢ ખેંચી લીધી.

હવે હાથીએ શું કર્યું? પાણી પી રહ્યા પછી તેણે સુંઢમાં પાણી ભરી રાખ્યું. પછી દરજીની દુકાન આવી એટલે તેણે તેમાં જોરથી તે પાણી છાંટયું. દરજીનાં બધાં લુગડાં ખરાબ થઈ ગયાં.

(૨)

એકવાર એક હાથી તોફાને ચડયો. હાથીખાનામાંથી તે સાંકળ તોડી નાઠો. જે તેની અડફટમાં આવે તેને સુંઢના સપાટા મારતો, ચીસો પાડતો, તે ગામમાં દોડયો. બધા લોક બીને આમતેમ નાસવા લાગ્યા. હાથી દોડતો આવતો હતો, ત્યાં રસ્તામાં એક નાનું છોકરૂં રમતું હતું. આસપાસ ઉભેલા લોકોએ બહુએ બૂમો પાડી પણ તે છોકરૂં ખસ્યું નહિ.

છોકરાની પાસે આવ્યો એટલે પેલો ગાંડો હાથી દોડતો ઉભો રહ્યો. પોતાની સુંઢથી તે છોકરાને બાજુ પર મૂકી તે આગળ દોડયો. એ છોકરૂં તેના માવતનું હતું અને તેણે તેને ઝટ ઓળખ્યું.

હાથી બહુ હોશિયાર પ્રાણી છે. લંકામાં લોકો તેને પાળે છે અને તેની પાસે મજુરી કરાવે છે. તેને તેઓ ભારે લાકડાંને સીંચવાનું કામ સોંપે છે. તે બહુ સારી રીતે લાકડાં ગોઠવી દે છે. એની સુંઢ વડે એ ભોંય પરથી બેઆની જેવડી નાની ચીજ પણ ઉપાડી શકે છે.

પાઠ ૨૧ મો. પ્રામાણિક છોકરો.

શિક્ષા સચ્ચાઇ

ન્+દ્+ર=ન્દ્ર. નરેન્દ્ર શ્+વ=શ્વ. ઇશ્વર

એક માણસ જામફળની ટોપલી માથે લઈ બજારમાં જતો હતો. રસ્તે ચાલતાં તેની ટોપલી-માંથી ત્રણ ચાર જામફળ નીચે પડી ગયાં. તે માણસને તેની ખબર ન પડી. તે તો આગળ ચાલ્યો જતો હતો.

શિવશંકર નામના એક નાના છોકરાએ ટોપલી-માંથી જામફળ પડતાં જોયાં. તેણે તે જામફળ વીણી લીધાં, અને ટોપલીવાળાને બૂમ પાડી કહ્યું, "ઓ ભાઇ! ઓ ભાઇ! જરા ઉભા રહો. તમારી ટોપલી-માંથી આ જામફળ પડી ગયાં તે લો" એમ કહી તે છોકરાએ તે માણસને જામફળ આપી દીધાં.

નરેન્દ્ર નામનો એક છોકરો ઉભો ઉભો આ બનાવ જોતો હતો. પેલો માણસ ગયો એટલે તે શિવશંકર પાસે આવ્યો અને કહ્યું, "તેં શું કામ ટોપલીવાળાને જામફળ આપી દીધાં? એને તો તે પડી ગયાની ખબરે નહોતી. તારી જગાએ હું હોત તો જામફળ કદી પાછાં ન આપત." પેલા છોકરાએ કહ્યું, "આપણાથી એ જામફળ કેમ લેવાય? એ કંઇ

આપણાં હતાં ? મારા બાપાજીએ મને કહ્યું છે કે જે ચીજ આપણી ન હોય તે પૂછયા વગર લઇએ તો ચોરી કરી કહેવાય. ચોરી કરીએ તો ઇશ્વર આપણને શિક્ષા કરે, અને આપણું ભલું ન થાય." નરેન્દ્રે કહ્યું, "પણ તેં જામફળ લીધાં છે એ પેલો માણસ કંઈ જાણતો હતો ? જામફળ ભોંય પર પડયા પછી કંઇ એનાં હતાં ?"

શિવશંકરે કહ્યું, "ભોંય પર પડયાં એટલે શું તે મારાં થયાં ? જે ચીજ આપણી ન હોય તે લઇએ એટલે ચોરી જ કરી કહેવાય."

નરેન્દ્રના બાપા ત્યાં થઇ જતા હતા, તેમણે આ છોકરાઓ વચ્ચે થએલી વાત સાંભળી. તેમણે શિવશંકરને શાબાશી આપી કહ્યું, "શિવશંકર, તેં બહુ સારૂં કામ કર્યું; તારી રીત મને બહુ ગમી. તું તારી સચ્ચાઇની ટેવ છોડીશ નહિ, તો બહુ સુખી થઈશ." પછી નરેન્દ્ર તરફ ફરી તેમણે કહ્યું, "નરેન્દ્ર ! શિવશંકર કહે છે તે ખરૂં છે. શિવશંકરે જામફળ લીધાં એ વાત તે માણસે ન જાણી, પણ ઇશ્વર કંઇ જાણ્યા વગર રહેવાનો છે ? ચોરી કરી જામફળ ખાવાં તેના કરતાં જામફળ ન ખાવાં એ વધારે સારૂં છે. નરેન્દ્ર, તું આ છોકરા જેવો પ્રામા-

ણિક થવા મથજે. ઘરમાંથી પણ કોઇની પેન, પેનસીલ કે કંઈ ચીજ છાનીમાની લેવી નહિ. પારકી ચીજ છાનીમાની લઇએ તો ચોરી કરી કહેવાય. ચોરી કરીએ તો ઇશ્વર ગુસ્સે થાય.

પાઠ ૨૨ મો. સોબત તેવી અસર—ભાગ ૧.

ઉમંગ દુઃખ આપુસ ભંડાર વાસ્યું

રમણલાલ શેઠે પોતાના છોકરા કાન્તિને કેટલાક ખરાબ છોકરાઓ જોડે રમતો દીઠો. તે છોકરાઓ ગાળો બોલતા હતા, અને રસ્તા પર જતાં આવતાં માણસોની મજાક કરતા હતા. પહેલાં કાન્તિ બહુ સારો હતો. તે રોજ પોતાના પાઠ ધ્યાન આપીને કરી જતો. વર્ગમાં એનો નંબર ઉંચો રહેતો. ઘરમાં પણ તે તેની બાને ઘરના કામમાં મદદ કરતો. તેની બા બોલાવતી કે તરત હસતે મોઢે તેની પાસે જતો અને તેને જે કામ કરવાનું કહે તે ઉમંગથી કરતો. પણ હમણાં તે બગડચો હતો. તે બરાબર ભણતો નહિ અને ઘરમાં કામ પણ બ ાબર કરતો નહિ. એની એવી રીતભાતથી એની બાને બહુ દુઃખ થતું

હતું. તેના બગડવાનું કારણ હવે તેના બાપને સમજાયું. ખરાબ છોકરાઓ જોડે રમતો જોઇ તેના બાપને ઘણી દિલગીરી થઇ પણ તે વખતે તો તે કંઇ બોલ્યા નહિ.

બીજે દહાડે રમણલાલ બજારમાંથી છ આફુસની કેરીઓ લઈ આવ્યા અને તેમણે તે કાન્તિને આપી. કાન્તિ તો ખુશ ખુશ થઈ ગયો. કેરીઓ આપતાં રમણલાલે કહ્યું "કાન્તિભાઇ, એ કેરીઓ જરા કાચી છે. તેમને બે ચાર દિવસ રહેવા દેજે એટલે તે બરાબર પાકી જશે." કાન્તિએ તે કેરીઓને એક છાબડીમાં ભરી તે છાબડીને ભંડારમાં મૂકી. કાન્તિ છાબડીને ભંડારમાં મૂકતો હતો તે વખતે એના બાપા ત્યાં આવ્યા, અને એક કોહી ગએલી કેરી પેલી કેરીઓ જોડે મૂકી. કાન્તિએ કહ્યું "બાપાજી, આતો કોહેલી છે. એ આ સારી કેરીઓને બગાડશે." રમણલાલે કહ્યું "તું શું એમ ધારે છે? આ સારી કેરીઓ વધારે છે તે આ એક ખરાબ કેરીને શું નહિ સુધારે?" એમ કહી તેમણે ભંડારનું બારણું વાસ્યું.

પાઠ ૨૩ મો. સોબત તેવી અસર—ભાગ ૨.

દિવસ શિખામણ

ચાર દિવસ પછી રમણલાલ શેઠે કાન્તિને પેલી કેરીઓ બહાર કાઢવા કહ્યું. છાબડી બહાર કાઢી તો બધે ગંધ ગંધ થઇ રહી. માથું ફાટી જાય એવી ખરાબ વાસ આવવા લાગી. બધી કેરીઓ કોહી ગએલી તેમણે જોઇ. આંખમાં આંસુ સાથે કાન્તિ બોલી ઉઠયો " બાપાજી, મેં નહોતું કહ્યું કે કોહેલી કેરી સારી કેરીઓને બગાડશે ? જુઓ ! આ બધી કેરીઓ સડી ગઈ છે." રમણલાલે કહ્યું, " તો ભાઈ, મેં તને ઘણીવાર નથી કહ્યું કે ખરાબ છોકરાની સોબતથી તું ખરાબ થઇશ ? છતાં તું મારૂં કહ્યું માનતો નથી. તો આ કેરીઓના દાખલા પરથી શિખામણ લેજે. જો તું ખરાબ છોકરાની સોબત રાખીશ, તો તું ખરાબ થઇશ." કાન્તિ આ શિખામણ કદી ભૂલ્યો નહિ. એના ખરાબ ભાઇબંધો એને રમવા બોલાવતા, ત્યારે પેલી કેરીની વાત યાદ આવતી અને તેથી તે તેમની જોડે રમવા જવાની ના પાડતો.

પાઠ ૨૪ મો. સંગ રંગ.

છંદ　　ઘાટ　　સહવાસ

(છપ્પા)

જેને જેવો સંગ, રંગ બહુ તેવો બેસે,
જેને જેવો સંગ, ગુણ તેવા તે લેશે,
જેને જેવો સંગ, છંદ તેવે તે ચડશે,
જેને જેવો સંગ, ઘાટ તેવા બહુ ઘડશે,
સારે સંગે સારો થશે, ભુંડાથી ભુંડો બને,
સારા જનના સહવાસથી, જગમાં સૌ સારો ગણે.

(સૂચિત)

પાઠ ૨૫ મો. લૂલો કુતરો.

ખોડંગતો　　પ્રાણી　　સાથી　　વિનંતિ
દયામણું　　હિંમત　　હોશિયાર

મોતી નામના છોકરાને એની બાએ ટપાલમાં કાગળ નાખવા મોકલ્યો. કાગળ નાખી તે પાછો આવતો હતો, તેવામાં એક નાનો કુતરો ખોડંગતો

ખોડંગતો તેની પાછળ જવા લાગ્યો. એ કુતરાને ખોડંગતો જોઇ મોતીને બહુ દયા આવી. બધાં પ્રાણી પર દયા રાખવી એવું તેની માએ તેને શીખવ્યું હતું, તેથી તેણે તેને પોતાના પાછળ આવવા દીધો. કોઇએ એ બિચારાને પથરો મારી લૂલો કર્યો હતો. તે બિચારાને કોઈ સાથી જોઇતો હતો.

મોતીએ ઘેર આવી પોતાની બાને એ કુતરાની બધી વાત કહી, અને તેને પાળવાની રજા માગી. બધાં છોકરાં તે કુતરાને જોવા ઘરની બહાર આવ્યાં. તેનું દયામણું મોઢું તથા મોટી દુઃખી આંખો જોઈ તેમની આંખમાં ઝળઝળીઆં આવ્યાં. તે કુતરાને ઘરમાં લાવવા દેવા બધાં છોકરાંએ માને વિનંતિ કરી. માએ હા પાડી એટલે કુતરાને ઘરમાં આણ્યો.


તે ભૂખ્યો હતો તેથી તેને થોડું ખાવાનું આપ્યું અને પીવાને પાણી આપ્યું. પછી એક ખુણામાં તેને સુવા માટે થોડુંક સૂકું ઘાસ પાથરી આપ્યું. થોડા દિવસમાં તે કુતરો તદ્દન સારો થઇ ગયો. તેને આ ઘરનાં માયાળુ છોકરાં જોડે બહુ માયા બાઝી. છોકરાં જ્યાં જાય ત્યાં કુતરો તેમની સંગાથે જતો. છોકરાંએ તેનું નામ 'ભૂરીયો' પાડ્યું.

છોકરાં નિશાળે જતાં ત્યારે તે તેમની સાથે જતો. કોઈ ખરાબ છોકરાં તેમને હેરાન કરવા આવતાં તો ભૂરીયો ઘુરકીને તેમને નસાડી મૂકતો. છોકરાં નિશાળમાં પેઠા પછી તે ઘેર આવતો, અને વાડામાં ઢોરની ચોકી કરતો. ઢોરને તે વાડા બહાર જવા દેતો નહિ. તે પાસે હોય ત્યારે તોફાની છોકરાં ઢોરને પથરા મારવાની હિંમત કરતાં નહિ.

ભૂરીયો ભલો હતો એટલુંજ નહિ પણ તે હોશિયારે ઘણો હતો. એના શેઠ જે કંઈ શીખવે તે તે ઝટ શીખી લેતો. મોતીએ તેને મોંમાં છત્રી કે લાકડી પકડી લઇ જવાનું શીખવ્યું હતું. વરસાદ પડતો હોય ત્યારે મોતીને માટે તે મોંમાં છત્રી લઈ જતો. સાંજના નિશાળ છૂટવાનો વખત થતો, ત્યારે છોકરાંની મા કહેતી, "ભુરીયા ! હવે છોકરાંને ઘેર લઈ આવ." આ સાંભળી જાણે તેનું કહ્યું સમજતો હોય તેમ ભુરીયો તરતજ નિશાળ તરફ દોડતો.

પાઠ ૨૬ મો. સંપ ત્યાં જંપ.

જુસ્સાવાળો અવિચારી અનુભવી
પારધી જાળ રળિયામણા



કબુતરનું એક ટોળું આકાશમાં ઉડતું જતું હતું. તેમનો સરદાર જુવાન, જુસ્સાવાળો પણ અવિચારી હતો. તે ઘરડાંઓની શિખામણ માનતો નહોતો. ઉડતાં ઉડતાં રસ્તે તે કબુતર ભૂખ્યાં થયાં. એવામાં જમીન પર તેમણે ચોખાના દાણા વેરાયલા જોયા. બધાં કબુતરે ત્યાં ઉતરી પડવાનો વિચાર કર્યો. તેમાં એક બે ઘરડાં અને અનુભવી કબુતર હતાં, તેમણે કહ્યું, "ભાઇઓ, તમે એ દાણા ખાવા ન જશો; ત્યાં પારધીએ જાળ પાથરી છે અને તેમાં તમે પકડાઈ જશો." પેલાં કબુતરોએ તેમનું કહ્યું માન્યું નહિ, અને દાણા ખાવા નીચે ઉતર્યાં. જેવાં

તે જમીન પર બેઠાં કે તરતજ તેમના પગ ત્યાં પાથરેલી જાળમાં ભરાઈ ગયા. બધાં કબુતર ગભરાયાં અને હવે શું કરવું એનો વિચાર કરવા લાગ્યાં. પેલાં ઘરડાં કબુતરોએ કહ્યું, " તમે અમારૂં કહ્યું ન માન્યું તેથી તમારી પર આ દુઃખ આવ્યું. હવે જો તમારે આમાંથી છૂટવું હોય તો અમે કહીએ તેમ કરો. જુઓ અમે અવાજ કરીએ કે તરતજ તમે બધાં એક સામટાં ઉડજો. " પછી પેલાં ઘરડાં કબુતરોએ અવાજ કર્યો કે બધાં કબુતર એક સામટાં ઉડયાં. તેમના એક સામટા બળથી જાળના ખીલા જમીનમાંથી ઉખડી ગયા. આ રીતે જાળ સાથે ઉડતાં ઉડતાં તેઓ કેટલેક દૂર ગયાં. જાળ સાથે લઇ ઉડવાને લીધે તેમને થાક લાગ્યો હતો, તેથી તેઓ નીચે ઉતર્યાં. અહીં જંગલમાં પેલાં ઘરડાં કબુતરોનો ભાઇબંધ એક ઉંદર રહેતો હતો. ઘરડાં કબુતરોએ તેને બોલાવ્યો. ઉંદરે પોતાના ઝીણા દાંતથી પેલી જાળ કાતરી નાખી, એટલે બધાં કબુતર છુટાં થયાં.

કહેવતઃ—સંપ ત્યાં જંપ; ઝાઝા હાથ રળિયામણા.

પાઠ ૨૭ મો. દીવાળી.

પર્વ　　　　　　　　રોશની

ભાદરવો મહિનો પુરો થાય એટલે ચોમાસું પુરૂં થયું ગણાય. ભાદરવા પછી આસો મહિનો આવે. સારો પવિત્ર દહાડો પર્વ કહેવાય. એવો દહાડો સપરમો દહાડો પણ કહેવાય. આસો મહિનાના છેલ્લા ત્રણ દહાડા બહુ મોટા તહેવાર ગણાય છે. એ દિવસો ધનતેરશ, કાળીચૌદશ અને દીવાળી કહેવાય છે.

એ દિવસોમાં લોકો વહેલા ઉઠી ઘર અને ઘરનાં આંગણાં સાફ કરે છે, અને અબીલ, ગુલાલ તથા જાતજાતના રંગોથી આંગણામાં સાથીયા અને જાતજાતનાં ચિત્ર પાડે છે. પછી મંદિરોમાં દર્શન કરવા જાય છે. એ દિવસોમાં સારૂં સારૂં ખાવાનું કરે છે, અને સારાં સારાં લુગડાં પહેરે છે. રાતે કોડિયામાં દીવા કરી ઘર આગળ મૂકી રોશની કરે છે. રાત્રે છોકરાં ફટાકડા અને બીજું દારૂખાનું ફોડે છે. બધે ફટ ફટ એવો અવાજ સંભળાય છે, ને બાળકો બહુ હરખાય છે.

દીવાળીને દિવસે વર્ષ પુરૂં થાય. દીવાળી પછીના દિવસથી નવું વર્ષ શરૂ થાય, તેથી એ

દિવસ બેસતા વર્ષનો દિવસ કહેવાય છે. કારતક મહિનો વર્ષનો પહેલો મહિનો છે. આસો મહિનો વર્ષનો છેલ્લો મહિનો છે.

દીવાળીના દહાડામાં ચોકખાં ધોએલાં ખાદીનાં લુગડાં પહેરવાં જોઇએ.

પાઠ ૨૮ મો. હોળી.

કેસુડાં	દોસ્તદાર	હોળૈયાં
તતુડાં	પ્રકટાવીએ	પૂજા

શિયાળો જતો રહ્યો છે. હવે બહુ ટાઢ વાતી નથી. ઝાડ પરથી જુનાં પાંદડાં ખરી પડયાં છે, અને નવાં તાજાં પાંદડાં આવ્યાં છે. આવતી કાલે હોળી છે. મારા બાપાજી પીચકારીઓ, કેસુડાં અને ગુલાલ લાવ્યા છે. દાટા પર ચીંથરાં વીંટાળી અમે પીચકારીઓ તૈયાર કરી છે. સવારે અમે કેસુડાંને પાણીમાં ઉનાં કરી રંગ બનાવીશું, અને પછી તે રંગ પીચકારીમાં ભરી સામસામા છાંટીશું. અમે ધૂળ કે કાદવથી નહિ રમીએ. ખરાબ છોકરા હોળીને દહાડે ગાળો બોલે છે. અમે કદિ ગાળો નહિ બોલીએ. અમે આંખ કે કાનમાં રંગ કે ગુલાલ

જાય એમ નથી રમતા. અમે અમારા દોસ્તદારો પરજ કેસુડાંનો રંગ છાંટીએ છીએ; રસ્તે જનારને અમે પજવતા નથી. સવારના તો અમે ભજન ગાતા ગાતા સરઘસમાં જઈશું. સરઘસમાં બહુ મઝા પડે છે. અમે સફેદ ખાદીનું પહેરણ અને ઘેરૈયા ટોપી પહેરી સરઘસમાં જઈશું.

હોળીને દહાડે, દિવસના રાંધેલું ખાવાનું નહિ. દિવસે તો ધાણીચણા ફાકવાનાં. અમારી શેરીમાંથી અમે હોળીમાં બાળવાનાં લાકડાં ભેગાં કર્યાં છે. ખરાબ અને નીચ છોકરા લોકોની જાળીઓ અને બારી બારણાં ચોરી લાવે છે અને હોળીમાં બાળી દે છે. અમે એવું ચોરીનું ખરાબ કામ કરતા નથી.

હોળી પહેલાં ત્રણ ચાર દિવસ પર અમે જમીનમાં ખાડો ખોદીએ છીએ, અને તે ખાડાની આસપાસની જમીન સાફ કરી લીંપી નાખીએ છીએ. રોજ રાતે અમે હોળીના ખાડામાં દીવો બાળીએ છીએ. હોળીને દિવસે અમે એ ખાડામાં ભેગાં કરેલાં લાકડાંને ગોઠવી ઢગલો કરીએ છીએ. એ ઢગલા પર છોકરીઓ છાણનાં હોળૈયાંના હાર ચડાવે છે. લાકડાંના ઢગલાની વચમા અમે એક ધજા દાટીએ છીએ. સાંજના ચંદ્ર ઉગે કે તરતજ

અમે હોળી પ્રકટાવીએ છીએ. અને તે વખતે નગારાં અને તતુડાં વગાડીએ છીએ. હોળી પ્રકટ્યા પછી હોળીની પૂજા કરી અમે જમવા જઇએ છીએ.

પાઠ ૨૯ મો. વણકર.

માણેકલાલ—નટવર, તેં ધોતીઉં પહેર્યું છે તે કેવી રીતે બને તે તું જાણે છે ?

નટવર—ના બાપાજી.

માણેકલાલ—રેંટીયાથી શું થાય છે તે તો તું જાણે છે ને ?

નટવર—હા બાપાજી. રેંટીયાથી રૂ કંતાય અને લાંબા સૂતરના તાંતણા થાય.

માણેકલાલ—એ સૂતરના તાંતણાથી આપણાં કપડાં વણાય.

નટવર—એ સૂતરના તાંતણા કોણ વણે ?

માણેકલાલ—સૂતરના તાંતણા વણી લુગડાં બનાવે તે વણકર કહેવાય. કપડાં કેમ વણાય તે તારે જોવું છે ?

નટવર—હા બાપાજી.

માણેકલાલ—ચાલ ત્યારે હું વણકર વાડે જાઉં છું.

માણેકલાલ નટવરને લઇ વણકર વાડે ગયા. ભોંયમાં ખીલા દાટી એક માણસ તેની આસપાસ દોડી સૂતરના તાંતણા વીંટતો હતો.

નટવર—બાપાજી, એ શું કરે છે ?

માણેકલાલ—એ તાણા બનાવે છે. આમ સૂતરના તારને લાંબા વીંટયા પછી તે એને સાળ પર ચડાવશે અને તેમાં આડા તાર નાખી કપડું વણશે. આડા તાર વાણા કહેવાય.

પછી તેઓ વણકરના ઘરમાં ગયા. ત્યાં ભોંય પર સાળ મૂકી હતી. ભોંયમાં ખાડો હતો તેમાં તેણે પગ રાખ્યા હતા ખાડામાં તેના પગ નીચે પાવડી જેવું કાંઈ હતું. પાવડી દબાવતો એટલે તાણાના અર્ધા તાર ઉપર રહેતા અને અર્ધા નીચે જતા. પછી સૂતરનું ભરેલું કોકડુ લઇ તે એ છુટા પડેલા તાર વચ્ચેથી આમથી તેમ ફેંકતો. ફેંકી રહ્યા પછી તે પાવડી છોડી દેતો. થોડી વારે તે એક લાકડાનો હાથો વણાએલા ભાગ પર ઠોકતો. તેણે ઘણી મજાની ખાદી વણી હતી. વણતાં વણતાં તે ભજન ગાતો હતો. તેની બૈરી રેંટીયો કાંતતી હતી અને તેનાં છોકરાં કોકડાં ભરતાં હતાં. કુંટુ-બનાં બધાં માણસો કાંઇને કાંઇ કામ કરતાં હતાં. તે બહુ સુખી જણાતાં હતાં.

ખેડુત રૂ પકવે, આપણે બધાં કાંતીએ, અને વણકર કપડાં વણે તો આપણે જેટલું જોઇએ તેટલું કાપડ બનાવી શકીએ. એવાં આપણા દેશમાં બનેલાં કપડાં પહેરવાથી ખેડુત, આપણે તથા વણકર સુખી થઇએ. પરદેશી કપડાં પહેરીએ તો આપણા વણકર દુઃખી થાય. માટે આપણે તો સ્વદેશી કાપડ જ વાપરવું જોઇએ.

સ્વદેશી સ્વરાજની ચાવી છે.

પાઠ ૩૦ મો. આડો હિંમત.



સોંપે પજવતો ખોડ ચીતર્યું હેત

સ્+વ=સ્વ. ર્+થ=ર્થ. સ્વાર્થી

હિંમત બહુ હઠીલો અને સ્વાર્થી હતો. જેને તેને તે પજવતો અને હેરાન કરતો તે ઘરનું કામ કરતો નહિ. તેની બા તેને કંઇ કામ સોંપે તો પહેલાં તો તે સાફ ના પાડતો. એના બાપા એને ધમકાવે અને તે કામ એને કરવુંજ પડે તો એ પગ પછાડતો પછાડતો અને બબડતો બબડતો તે કામ કરે એની બેનને તો એ બહુજ પજવતો. તે કંઇ કામ કરતી હોય, તો તેમાં ખોડ કાઢે અને તેના ચાળા પાડે. તેની બેને પાટીમાં કંઇ સારૈ

અક્ષરે લખ્યું હોય અથવા ચીતર્યું હોય, તો તે ભુંસી નાખે કે અંદર ડાઘો પાડે.

હિંમતની બા તેને અને તેની બેન કમળાને લઈ રામલાલ નામના પોતાના કોઇ સગાને મળવા ગઇ. રામલાલને સુંદરલાલ નામનો એક છોકરો અને સુકન્યા નામની છોકરી હતી. બધા છોકરાં ઘરની પાછળના વાડામાં રમવા ગયાં. વાડામાં એક હીંચકો બાંધેલો હતો. એક જણ હીંચકા પર



બેસે અને બીજાં તે હીંચકો હલાવે, એમ તેમણે

ઠરાવ્યું. હિંમત હીંચકા ખાવા બેઠો, ત્યારે કમળા હીંચકો ચલાવતી હતી. કમળાથી તે હીંચકો બરાબર ચલાવાતો નહિ. તે આડો અવળો ચાલવા લાગ્યો. આથી હિંમતને રીસ ચડી અને તે હીંચકા પરથી ઉતરી પડયો. પણ તે એવી ખરાબ રીતે ઉતર્યો કે હીંચકો ઉછળી તેની બેનના કપાળમાં વાગ્યો. બિચારી કમળા પડી ગઈ, અને તેના માથામાંથી લોહી નીકળવા લાગ્યું.

કોઈ આંધળો માણસ લાકડી ઠોકતો રસ્તે જતો હોય, તો હિંમત તેની લાકડી ખેંચી લેતો. રસ્તે કોઇ ગાંડો જતો હોય તો હિંમત તેને ખૂબ ખીજવતો. તે કોઈને મદદ કરતો નહિ, પણ બધાં-ને પજવતો. તેથી તે કોઇને ગમતો નહિ.


છોકરાઓ, તમે હિંમત જેવા થશો નહિ. તમે હિંમત જેવા થશો, તો તમને કોઈ હેતથી બોલાવશે નહિ

પાઠ ૩૧ મો. પ્રાર્થના.

(ગઝલ)

પ્રભુ નમીએ પૂરી પ્રીતે,
સુખી કર તું સુખી કર તું;
સ્તુતિ કરીએ રૂડી રીતે,
સુખી કર તું સુખી કર તું. ૧
બનાવી તેં બધી દુનિયા,
બનાવ્યા તેં ઉંડા દરિયા;
સૂરજ ને ચંદ્ર ઝગમગીયા,
સુખી કર તું સુખી કર તું. ૨
વળી આકાશમાં તારા,
ઘણે ઉંચે જ ફરનારા;
બનાવ્યા તેં પ્રભુ પ્યારા,
સુખી કર તું સુખી કર તું. ૩
જગત આખા ઉપર તારી,
નજર ફરતી રહે ન્યારી;
અમારાં કામ જોનારી,
સુખી કર તું સુખી કર તું. ૪
બધાંએ પાપ બાળી દે;
વળી બુદ્ધિ રૂપાળી દે;
નમીએ હાથ જોડીને,
સુખી કર તું સુખી કર તું. ૫

પાઠ ૩૨ મો. લુહારની દુકાને—ભાગ ૧.



ગુરુજી—ચાલો છોકરાં, આજે આપણે લુહારની દુકાન જોવા જઇએ.

(લુહારની દુકાન આગળ આવી પહોંચે છે.)

પીરોજશાહ—ગુરુજી, પેલું લાલ લાલ શું છે?

ગુરુજી—પીરોજ, એ લોઢું છે.

પીરોજશાહ—ગુરુજી, લોઢું આવું લાલ લાલ કયાં હોય છે? એ તો કાળું હોય છે.

ગુરુજી—લોઢાને ખૂબ તપાવે ત્યારે તે લાલ થઈ જાય છે.

ચીમનલાલ—ગુરુજી, જુઓ તો ખરા ! પેલો દેવતા કેવો બળે છે ! એમાંથી તણખા કેવા ઉડે છે ! પેલું નાનું મોટું થાય છે તે શું છે ?

ગુરુજી—ચીમનભાઈ, એ ધમણ કહેવાય. લુહાર આ વાંસડો ઉંચો નીચો કરે છે, ત્યારે તેમાં પહેલાં હવા ભરાય છે, અને પછી તે હવા દબાઈ પેલી ભૂંગળીમાં થઈ આ દેવતામાં આવે છે.

રતનલાલ—ગુરુજી, દેવતામાં હવા શું કામ પસાર કરતા હશે ?

ગુરુજી—હવા વગર કંઇ ચીજ બળે નહિ. આપણે ઘેર ચુલામાં લાકડાં કેવાં પોલાં પોલાં મૂકે છે ? લાકડાં એમ પોલાં ન ગોઠવે તો અંદર હવા જાય નહિ, અને લાકડાં સળગે નહિ. જ્યારે લાકડાં બરાબર બળતાં નથી અને ધુમાડો થાય છે ત્યારે ભૂંગળી વડે ફુંકવું પડે છે કે પંખાથી પવન નાખવો પડે છે. ધમણ ચલાવે છે ત્યારે દેવતા કેવો બળે છે! પેલો અવાજ થાય છે તે ધમણમાંથી આવતા પવનનો છે. તે કેવો ફરરૂ કરતો આવે છે!

પાઠ ૩૩ મો. લુહારની દુકાને—ભાગ ૨.

એરણ છીણી વલે

પીરોજશાહ—ગુરુજી, લોઢાને શું કામ તપાવતા હશે ?

ગુરુજી—પીરોજશાહ, લુહાર શું કરે છે તે જોયું ? તપીને લાલ થયેલા લોઢા પર તે જોરથી હથોડા મારે છે. એ લોઢાને હથોડાથી ટીપે છે. એથી શું થાય છે ?

પીરોજશાહ—ટીપવાથી લોઢું દબાય છે, અને પહોળું ને લાંબું થાય છે.

ગુરુજી—ટીપવાથી એમ આકાર બદલાય ત્યારે તે ઘડાયું કહેવાય. લુહાર હથોડાથી લોઢું ઘડે છે. લોઢું તપાવ્યું ન હોય તો ન ઘડાય. ઠંડા લોઢા પર હથોડા મારે તો તે તૂટી જાય, પણ ઘડાય નહિ.

ચીમનલાલ—ગુરુજી, ઠંડું લોઢું કેમ ન ઘડાય અને તપાવેલું કેમ ઘડાય ?

ગુરુજી—ઠંડું લોઢું કઠણ હોય છે. તપાવવાથી તે પોચું થાય છે, એટલે ઘડાય છે.

રતનલાલ—ગુરુજી, જેની પર મૂકીને લોઢાને ઘડે છે તે શું કહેવાય ?

ગુરુજી—એનું નામ એરણ છે. એ ઘણું મજબૂત હોય છે. ગમે તેટલા જોરથી હથોડા વાગે પણ

એ ભાંગી જતું નથી. એની પીઠ કેવી મેજ જેવી છે ! એરણની એક બાજુ પેલો ગોળ હાથો જોયો કે ? લોઢું વાળવું હોય છે, ત્યારે લુહાર તેની પર મૂકી હથોડા મારે છે. જુઓ, હવે લુહાર પેલો સળીયો કાપે છે.

પીરોજશાહ—ગુરુજી, જેનાથી સળીયો કાપે છે તે શું કહેવાય ?

ગુરુજી—એ છીણી કહેવાય. સળીયા પર છીણી મૂકી પછી તે છીણી પર હથોડા મારે છે. જુઓ ત્યારે, લોઢું તપાવવાનો આ ચુલો છે, તે ભઠ્ઠી કહેવાય. પેલી ધમણ કહેવાય. જુઓ, અહીં કેટલા બધા હથોડા છે ! કોઈ નાના છે તો કોઈ મોટા છે. તપેલા લોઢાને લુહાર સાંણસીથી પકડી બહાર કાઢે છે, અને એરણ પર મૂકી હથોડાના ઘા મારી ઘડે છે. લોઢાને વાળવું હોય તો પેલા ગોળ હાથા પર મૂકી ઘડે છે. લોઢું કાપવું હોય તો પેલી છીણીથી કાપે છે. લોઢામાં કાણું પાડવું હોય તો પેલા ખીલાથી પાડે છે.

પીરોજશાહ—ગુરુજી, આ દુકાનમાં તો બહુ તાપ લાગે છે. ઉનાળામાં લુહારની શી વલે થતી હશે !

પાઠ ૩૪ મો. ધાતુઓ.

તાંબાકુંડી ઘરેણાં સાંકળાં

ત+ત=ત્ત. પિત્તળ

આ લોઢું છે. ચાકુનાં પાનાં, કાતર, ખીલા, સાંકળ, સળીયા, કડેરા એ બધી ચીજો લોઢાની થાય છે. સોય પણ લોઢાની હોય છે. સાંણસી તથા તવી પણ લોઢાનાં બને છે. લોઢું બહુ કઠણ પદાર્થ છે. આ પથરો ભોંય પર નાખી જુઓ. કેવો અવાજ થયો ? હવે આ લોઢાનું પતરૂં ભોંય પર નાખો. હવે કેવો અવાજ થાય છે ? પત્થરનો તો 'ઠબ્' એવો અવાજ થાય છે. પણ આ લોઢાના પતરાનો તો 'ખણણ્' એવો અવાજ થાય છે. લોઢાના જાડા અને પાતળા સળીયા થાય છે. પત્થર કે માટીના એવા સળીયા થતા નથી.

જુઓ, આ શું છે તે તમે જાણો છો ? એ પિત્તળ છે આપણા ઘરમાં લોટા, લોટીઓ, થાળી અને વાડકા હોય છે તે પિત્તળનાં હોય છે. પિત્તળનો રંગ કેવો છે ? પિત્તળનો રંગ પીળો છે. પિત્તળને ટીપી તેનું પતરૂં બનાવાય છે. પત્થર કે માટીને ટીપવાથી તેમનાં પતરાં બનતાં નથી પિત્તળનાં વાસણને માંજીને સાફ ન રાખે તો કાળા થઈ જાય.

એમને માંજે તોજ ઉજળા અને ચળકતાં રહે. પિત્તળનું વાસણ ભોંય પર પડે છે, ત્યારે ખણણ્ અવાજ થાય છે.

આ લોટો તો રાતા રંગનો છે. એ શેનો હશે? એ તાંબાનો છે. તાંબુ રંગે લાલ હોય છે. તાંબા-કુંડીઓ અને કથરોટો તાંબાની થાય છે. તાંબાનાં પણ પતરાં અને તાર થાય છે. એ પણ ભોંય પર પડે છે ત્યારે ખણણ્ એમ અવાજ થાય છે.

આ વીંટી સોનાની છે. બૈરાં સોનાની બંગડીઓ પહેરે છે. સોનાનાં બીજાં પણ ઘરેણા થાય છે. સોનાનાં પાતળા પતરાં અને તાર થાય છે. એનો પણ સારો અવાજ થાય છે. ચાંદી રંગે ધોળી છે. એના પણ ઘરેણાં થાય છે. બૈરાંઓ પગે સાંકળાં પહેરે છે તે ચાંદીનાં બને છે.

લોઢું, પિત્તળ, તાબું, સોનું, ચાંદી, સીસું, કલાઈ એ બધા પદાર્થ ધાતુ કહેવાય છે. લોઢું ધાતુ છે પિત્તળ પણ ધાતુ છે, અને ચાંદી પણ ધાતુ છે. ટીપવાથી જેના તાર અને પતરાં થાય તેવા પદાર્થ ધાતુ કહેવાય.

આ મેલા રંગની ભારે ધાતુ છે. એ શું છે? એ સીસું છે. એને કાગળ પર ઘસો. શું થાય છે?

એનાથી કાગળ પર કાળો લીટો થાય છે. હવે એને ચાકુથી કાપો; એ કપાય છે કે ? હા જી, એ કપાય છે. એ ભારે છે પણ પોચી છે. આ સફેદ ધાતુ કલાઇ છે. પિત્તળ અને તાંબાનાં વાસણને ઉનાં કરી તેની પર કલાઈ ચડાવે છે, ત્યારે તે ધોળાં થઇ જાય છે. કલાઈ ચડાવેલાં વાસણ કટાતાં નથી.

પાઠ ૩૫ મો. સિક્કા.

ચળકતો ઝાંખો ઢબુ નિકલ

આ પાઇ છે. એનો આકાર કેવો છે? એ ગોળ છે. એ શેની બનેલી છે? એ તાબાની બનેલી છે.

આ પૈસો છે. એનો આકાર કેવો છે ? એનો આકાર પણ ગોળ છે. એ શેનો બનેલો છે ? એ તાંબાનો બનેલો છે. તાંબું શું છે ? તાંબુ એ ધાતુ છે. એનો રંગ કેવો છે ? એનો રંગ રાતો છે. નવો પૈસો ચળકતો અને ચોકખો હોય છે. જુનો થાય છે ત્યારે તે ઝાંખો અને મેલો થઇ જાય છે. એક પૈસાની ત્રણ પાઇ આવે. ત્રણ પાઇનો પૈસો થાય.

, આ ઢબુ છે. ઢબુ કોઇને આપીએ, તો તે આ-પણને બે પૈસા આપે. બે પૈસાનો ઢબુ થાય. ઢબુના પૈસા કેટલા ? કેટલા પૈસાનો ઢબુ થાય ?

આ આની છે. એનો રંગ કેવો છે? એનો રંગ ધોળો છે. એ પૈસા જેવી ગોળ છે? ના જી, એની કોર પૈસા જેવી ગોળ નથી, પણ વાંકી ચુંકી છે. આની મોટી કે પૈસો મોટો? જી, પૈસો મોટો. એક આનીના ચાર પૈસા આવે. ચાર પૈસાની આની થાય. આનીના પૈસા કેટલા થાય? આનીના પૈસા ચાર થાય. આની શેની બની છે? આની 'નિકલ' નામની ધાતુની બનેલી છે. નિકલ એ ધોળી ધાતુ છે.

આ બેઆની છે. એ પણ ધોળી છે. એ કેવી નાની છે! એ ગોળ છે. એ પાઈના જેટલી નાની છે, પણ ધોળી છે. બેઆનીની આનીઓ બે આવે, અને પૈસા આઠ આવે. આ બેઆની ચાંદીની છે. તમે ચાંદી જોઈ છે કે? હા જી, મેં ચાંદી જોઈ છે. તેનો રંગ કેવો હોય છે? તેનો રંગ ધોળો હોય છે. તે પડે છે ત્યારે કેવી ખખડે છે! જુઓ, આ પણ બેઆની છે. એ ગોળ છે? ના જી, એ ગોળ નથી. એ ચોખંડી છે. આના પેઠે એ પણ નિકલની છે.

આ પાવલી છે. એ ચાંદીની છે. પાવલીની ચાર આનીઓ આવે. પાવલીના પૈસા સોળ આવે. એક આનીના પૈસા ચાર આવે, તો ચાર આનીના કેટલા પૈસા આવે? ચાર આનાના સોળ પૈસા આવે.

આ પણ પાવલી છે. એ નિકલની છે. એનો આકાર આની જેવો છે, પણ એ મોટી છે. પાવલીની બે-આની બે આવે, અને આની ચાર આવે.

આ અર્ધો રૂપીઓ છે. એ ચાંદીનો છે. એ પૈસા જેવડો છે પણ ધોળો છે. અર્ધા રૂપીઆની પાવલીઓ બે આવે. એની બેઆની ચાર આવે. એની આની આઠ આવે ને એના પૈસા બત્રીસ આવે.

આ રૂપીઓ છે. એ પણ ચાંદીનો છે. એના અર્ધા રૂપીઆ બે આવે. એની પાવલી ચાર આવે. એની બેઆની આઠ આવે. એની આની સોળ આવે, અને એના પૈસા ચોસઠ આવે. ચાંદીની પાવલી, અડધા અને રૂપીઆને ધાર પર કાંગરી હોય છે. પાઇ, પૈસા કે ઢબુને એવી કાંગરી નથી હોતી.

૩ પાઇનો પૈસો.
૨ પૈસાનો ઢબુ.
૪ પૈસાનો આનો.
૨ આનાની બેઆની.
૪ આનાની પાવલી.
૮ આનાનો અધો.
૧૬ આનાનો રૂપીઓ.

પાઠ ૩૬ મો. પરગજુ દિનકર.



ધર્મશાળા હમેશાં તૈયાર વ્+હ=વ્હ. વ્હાલ

દિનકર ઘણો ભલો છોકરો હતો. તે સૌનું કામ કરતો. ઘરમાં તે તેની નાની બેન સુશીલાને તેના કામમાં મદદ કરતો. સુશીલા કુવેથી પાણી ભરી આવતી હોય તો તેનો ઘડો તે ઉપાડવા લાગતો. તે કામ કરતી હોય અને પોતે પાઠ કરી રહ્યો હોય તો તેની પાસે બેસી સારી સારી વાતો કરી તે તેને

ખુશ કરતો. એની બા કે બીજું કોઇ કંઇ ખાવાનુ આપે તો પોતાની બેનને તેમાંથી આપ્યા વગર તે ખાતો નહિ તેની બેન પર તેને બહુ વ્હાલ હતું. તેની મા કે બાપ જે કાંઇ કામ કરવાનું કહે તે ને ઉમંગથી હસતે મોઢે કરી નાખતો. રસ્તામા પત્થર કે કાચ પડયા હોય તો દિનકર આઘે નાખી દેતો કે જેથી તે કોઇને વાગે નહિ.



એક દિવસ દિનકર તેના ભાઇબંધો જોડે

રમતો હતો, ત્યાં એક આંધળો માણસ આવ્યો. તેણે પૂછ્યું, 'ભાઈ, ધર્મશાળા ક્યાં છે?' દિનકર રમવાનું છોડી તેને ધર્મશાળા સુધી દોરી ગયો. એક વાર દિનકર આગગાડીમાં બેસી સુરત જતો હતો. તેના ડબ્બામાં દશ માણસ થઇ ગયાં હતાં. તેવામાં એક ડોસો તેના ડબ્બામાં આવ્યો. બેસવાની જગા ન હોવાથી તે ઉભો રહ્યો. દિનકરે ઉઠી તેને પોતાની જગા ઉપર બેસાડ્યો અને પોતે ઉભો રહ્યો.

ઘરડાં, તથા નબળાં માણસોને તેમજ બૈરાંઓ-ને દિનકર હમેશાં મદદ કરતો. તેનું મોં હમેશાં હસતું રહેતું બધા લોક દિનકર પર વ્હાલ રાખતા અને તેના પરગજુપણાનાં વખાણ કરતા. છોક-રાઓ, તમે દિનકર જેવા થજો. બીજાને મદદ કરવા હમેશાં તૈયાર રહેજો.

પાઠ ૩૭ મો. ઘરડો ઘોડો.

હણહણવું	છટા	ચંદી	માલીક
આંકોશીઆં	ચુમાવી	વાળુ	નિર્દય
કેદખાનું	દાનત	વર્તે	

લ્+લ=લ્લ. ઉલ્લાસ ગ્+ઋ=ગૃ. સ્+થ=સ્થ. ગૃહસ્થ

હવે તો હું ઘરડો થયો છું. જુવાન હતો ત્યારે હું બહુ દેખાવડો હતો. મારી ચાલવાની અને દોડવાની છટાથી બધા ખુશ થતા. પણ હવે તો જે થોડાં ઘણાં વર્ષ જીવવાનું છે તેમાં મારે સંતોષથી રહેવું જોઇએ.

જુવાન હતો ત્યારે હું એક ખેતર પર રહેતો. મારો શેઠ બહુ માયાળુ હતો, અને મને સારી રીતે ખવડાવતો. મારે રહેવા સાફ તબેલો હતો અને મને મનમાન્યાં ઘાસ તથા ચંદી ખાવા માટે આપવામાં આવતાં. મારો શેઠ મારી ખબર લેવા રોજ તબેલે આવતો. હું તેનો અવાજ ઓળખતો અને તેને આવતો જાણું એટલે ખુશી થઈ હણહણતો.

તે મને પોતાના હાથથી થાબડતો અને એવા માયાળુપણાથી ને ઉમંગ ઉલ્લાસથી મારી જોડે

વાતો કરતો કે મને તે વખતે બહુજ સુખ થતું- મને એ માયાળુ શેઠ પર બહુ વ્હાલ હતું, અને તેને લીધે હું ઘણા ઉમંગથી તેનું કામ કરતો.

બે એક વર્ષ પછી મારા શેઠને પરદેશ જવાનું થયું, એટલે તેમણે મને વેચી દીધો. ત્યાર પછી તો મેં ઘણો તડકો છાંયડો જોયો છે. મારો હાલનો શેઠ મને પેટ પુરતું ખાવા આપતો નથી અને આપે તો ચુમાવી ચુમાવીને આપે છે.

આખો દિવસ સખત મજૂરી કર્યા પછી તેને બે કલાક મોડું વાળુ મળે તો તેની શી વલે થાય? તો શું મને જીવ નથી? હું બોલી શકતો નથી તેથી શું થયું? ઘણીવાર તે ગાડીમાં એટલો બધો ભાર ભરે છે કે તે ખેંચતાં મારાં આંકોશીઆં ઉંચાં આવે છે.

એક દિવસ મારા આ નવા શેઠ મને ખીચોખીચ ભરેલી ગાડીએ જોડી લઈ જતા હતા. તેવામાં એક ગૃહસ્થ ત્યાં આવી પહોંચ્યા અને ગાડીમાંથી કેટલોક ભાર ઉતરાવી લીધો. તેમણે મારા શેઠને કહ્યું, "તમે આ બિચારા ઘોડા પાસે કેટલો બધો ભાર ખેંચાવો છો? તમારા જેવા નિર્દય માણસને સજા થવી જોઇએ."

મારા માલીકનું બધું કામ હું તો સારી દાનતથી કરૂં છું. તે મારી જોડે માયાળુ રીતે વર્તે તો કેવું સારૂં! મારા માલીકે સમજવું જોઇએ કે તેનો પણ એક માલીક છે, જેને બધાં પ્રાણીની દયા છે, અને જે બધાનું કરેલું જાણે છે. તેનાથી કશું અજાણ્યું નથી.

પાઠ ૩૮ મો. વાદળની ગાડી.

(સવૈયા)

પાણીનાં ટીપાં કાંઈ નાનાં,
રહેતાં સાગર ઘેર;
એક વખત હરવા ફરવાને,
ધાર્યું મન શુભ પેર.

વાદળની ગાડી ત્યાં કીધી,
પવને હાંકી પૂર;
જંગલ, ગામ ઉપર થઇ ચાલ્યાં
ફરતાં હરતાં દૂર.

પણ તેઓ તો હતાં ઘણાં,
ઓ ! ગાડી ભાંગી એમ;
ને ગભરાઇ નીચે બીચારાં,
તુટી પડયાં ત્યાં તેમ.

પછી લીલને ઘાસ મહીં તો,
ભટકયાં તે બહુ પેર,
ને છેવટ નદી એક લઈ ગઇ,
તે સહુને ફરી ઘેર.

(ખબરદાર)

પાઠ ૩૯ મો. કુવો.

થાળું ગરગડી.

આ કુવો છે. અહીં લોકો પાણી ભરવા આવે છે. એનું પાણી મીઠું છે. જુઓ, પેલાં બૈરાં માથે બેડાં મૂકી પાણી ભરવા આવે છે. તે જોડે દોરડું પણ લાવે છે.

દોરડાને છેડે ગાળો હોય છે ઘડાના મોં પર ગાળો બાંધીને ઘડાને કુવામાં ઉતારે છે. ઘડો પાણીએ પહોંચે છે, એટલે તેને આમ તેમ હલાવી પાણીમા ડુબાવે છે. તેમાં પાણી ભરાય છે એટલે તેને ઉપર ખેંચી લે છે. ઘડા વતી તે પેલો દેગડો ભરે છે. ઘડો અને દેગડો મળી બેડું કહેવાય. બેડું ભરાય છે એટલે તેને માથે ચડાવી તે ઘેર જાય છે.


કુવાની આસપાસ ગોળ ઓટલા જેવુ છે, તે કુવાનુ થાળું કહેવાય. એની ઉપર ઉભા રહી લોક પાણી ભરે છે. પાણી ભરતાં કોઇ કુવામાં પડી ન જાય, માટે કુવાને ફરતો જાળીવાળો કઠેરો છે. એ કઠેરા ઉપર ગરગડીઓ જડી છે. ગરગડી પર દોરડું રાખવાથી પાણી કાઢવું સહેલું પડે છે. ગર-ગડી ન હોય તો કુવાની કોરાણે પગ રાખી વાંકા

વળી પાણી કાઢવું પડે, અને તેમ કરતાં કદાચ કુવામાં ઉથલી પડાય.

આ કુવાનું પાણી સારૂં છે. એ બહુ ઉંડો છે. એમાં ઘણે ઉંડેથી પાણી આવે છે. ઉંડા કુવાનુ પાણી સારૂં હોય છે. એની ઉપર આ જાળી છે, તેથી તેની અંદર ઝાડનાં પાંદડાં કે એવો કંઈ કચરો પડતો નથી. એના થાળા પર પાણી ઢોળાય છે તે પાછું કુવામાં પડતું નથી, પણ બહાર વહી જાય છે. થાળા પર લોકો નહાય અને વાસણ માંજે તેથી તેની પર ઢોળાએલું પાણી કુવામાં જાય, તો કુવાનું પાણી ખરાબ થાય.

જુઓ, પેલાં માંજેલાં બેડાં કેવાં ચળકે છે! બૈરાં પાણી ખેંચે છે, ત્યારે ગરગડી કેવી બોલે છે! પણે પેલો પખાલી એના પાડાને લઇ પાણી ભરવા આવ્યો છે. ચામડાની ડોલથી એ પખાલમાં પાણી ભરે છે. પેલી બૈરીઓ હસી હસીને કેવી વાતો કરે છે! પેલી બે છોકરીઓ બૂમો પાડી લડે છે. કુવા પર આમ લડે તે સારૂં ન કહેવાય.

પાઠ ૪૦ મો. મંદિર.



શિખર	સેવાળ	ચોગાન	ઓસરી
દર્શન	મંડપ	ગભાર	ધર્મશાળા

આ મંદિરનું ચિત્ર છે. પેલું ઉંચું છે તે મંદિરનું શિખર કહેવાય. એનું શિખર કેવું ઉંચુ ગગનમાં જાય છે! પણે આઘેથી એ શિખર દેખાય છે. શિખર પર ધજા કેવી ફરફરે છે! મંદિરની આગળ તળાવ છે. કેટલાક લોક તળાવની પાળ પર બેઠા છે, અને કેટલાએક તેમાં નાહે છે. તળાવનું પાણી લીલું છે, અને તેની ઉપર લીલી સેવાળ

બાઝી છે. પાણી વહેતું ન હોય તો વહેલું ગંદુ થાય છે. તળાવમાં મંદિરના શિખરનો પડછાયો કેવો પડયો છે! પડછાયામાં શિખર ઉંધું પડયું છે. અરીસામાં આપણું મોં દેખાય છે, તેમ પાણીમાં પણ દેખાય છે. તળાવનું પાણી અરીસા જેવું દેખાય છે. મંદિરની આસપાસ ખેતર અને બીડ છે. બીડમાં ઢોર ચરે છે. ખેતરમાં ખેડુતો ખેડે છે.



ચાલો, હવે આપણે મંદિરની અંદર જઇએ. પેલા દરવાજામાં થઈ મંદિરમાં જવાશે. અંદર

ચોગાન છે. ચોગાનની વચમાં મંદિર છે. મંદિરને લોકો દહેરૂં પણ કહે છે. દહેરાની આસપાસ ફરતી ઓસરી છે. ઓસરી ઉપર છાપરી છે. ઓસરી અને મંદિર વચ્ચે ખુલ્લી જગામાં નાનો સરખો બાગ છે. તેમાં કેટલાંક ફૂલઝાડ વાવેલાં છે.

ચોગાનની વચ્ચે ઉંચા ઓટલા પર મંદિર છે. પગથીઆં પર થઈ મંદિરના ઓટલા પર જવાય છે. મંદિરના બે ભાગ છે. આગલો ભાગ પહોળો છે, તેમાં ઉભા રહી લોકો દર્શન કરે છે. એ મંડપ કહેવાય છે. તેની ઉપર મોટો ઘુમટ છે. પાછલો ભાગ નાનો છે. એમાં દેવની મૂર્તિ છે. એ મંદિરનો ગભાર કહેવાય છે. એની ઉપર શિખર છે.

સારાં મંદિર અને તીર્થની જગાઓએ દર્શન કરવા જાય તે લોક જાત્રાળુ કહેવાય. બાવાઓ અને સાધુઓ ઘણી વાર જાત્રા કરવા જાય છે. એવા જાત્રાળુઓ ઘણી વાર મંદિરોની ઓસરીમાં રહે છે. જાત્રાળુઓને રહેવાના કામમાં આવે એવી જગાને ધર્મશાળા કહે છે.

પાઠ ૪૧ મો. ચોકખાઈ.

પાયખાનાં   દરાજ

રોજ વખતસર દિશાએ જવાથી શરીર સારૂં રહે છે. વખતસર દિશાએ ન જાય તો શરીર બગડે. રોજ સવારના ઉઠીને તરત દિશાએ જવાની ટેવ પાડવી. એ વાતમાં આળસ કે બેદરકારી રાખવી નહિ. કેટલાંક શહેરોમાં દિશાએ જવાને માટે પાયખાનાં વપરાય છે. પણ એ બહુ ગંદાં રાખવામાં આવે છે, તેથી તેમાંથી દુર્ગંધ નીકળે છે. તેને સ્વચ્છ રાખ્યાં હોય તો ઠીક. ગામડાના લોક ખેતરમાં કે સીમમાં દિશાએ જાય છે. દિશાએ જવા માટે લોકો વસ્તીથી દૂર જાય તો એ રીત સારી છે. પણ કેટલાંક શહેરો અને ગામોમાં તો દૂર જવાને આળસે વસ્તીની નજીક જ અને પોળોમાં પણ લોકો દિશાએ જાય છે. એ ટેવ અતિશય ગંદી, ખરાબ અને રોગો ઉપજાવવાવાળી છે.

દિશાએ જઇ આવ્યા પછી માટી કે સાબુથી હાથ ચોકખા કરી ધોઈ નાખવા. પગને પણ ઘસીને ધોઇ નાખવા; માત્ર એમની ઉપર પાણી રેડવું નહિ. ત્યારબાદ દાતણ કરવું. દાતણ કરતી વખતે દાંત જીભ અને ગળું સારી રીતે સાફ કરવાં. રોજ

બરાબર દાતણ નહિ કરવાથી મોઢું ગંધાય છે, અને દાંત પીળા ને ગંદા થઈ જાય છે. ગંદા દાંત વહેલા પડી જાય છે. ગંદા દાંતવાળાં છોકરાંને ખાધેલું સારૂં પચતું નથી.

દાતણ કર્યા બાદ નાહી લેવું. નહાતી વખતે ખાદીના જાડા કકડાથી શરીરને ઘસવું. આમ કરવાથી શરીર પરનો મેલ નીકળી જાય છે. ઘણાં છોકરાં નહાતી વખતે માથે એમને એમ પાણી રેડી ઉઠી જાય છે, અને શરીર ચોળતાં નથી. ખાસ કરીને શિયાળામાં આમ કરે છે. આવી રીતે નહાનાર છોકરાંના હાથ પગ બહુ ગંદા રહે છે. તેમના હાથ પગ ફાટે છે, અને તેમની ઉપર મેલ વળગેલો હોવાથી તે કાળા અને ગંદા લાગે છે. એવાં ગંદાં છોકરાં કોઇને ન ગમે. બધાને ચોકખાં છોકરાં ગમે. નાહી રહ્યા પછી સારા ટુવાલથી શરીરને સારી પેઠે ઘસીને લુછી નાખવું. નાહ્યા પછી શરીર નહિ લુછવાથી દરાજ થાય છે, અને શરીરે વાળ ઉગે છે શરીર લુછતી વખતે કપાળને ભાર દઈ લુછવું અને કેડ, જાંઘ, બગલ તથા પગ ખુબ ચોકખાં કરવાં.

પહેરવાના કપડાં બહુ ચોકખાં રાખવાં. ઘણા છોકરાં પહેરેલાં લુગડાં કે આંગળાં મોંમાં ઘાલે છે, એ ગંદુ કહેવાય. મોંમાં કે નાકમાં આંગળાં ઘાલવાં

નહિ. તેમજ દાંતથી નખ કરડવા નહિ. એમ કરવાથી આંગળીઓના નખ ઘણા કદરૂપા થઈ જાય છે. છીંક આવે અથવા નાકમાં લીંટ આવે છે ત્યારે ઘણાં છોકરાં પહેરણની બાંયથી નાક સાફ કરે છે, અથવા ઘરના ખૂણામાં કે ભોંય પર નસીંકે છે કે થુંકે છે. આ બહુ ગંદી ટેવ છે. એમ કરવાથી કપડાં અને ઘર કેવાં ગંદાં અને મેલાં થાય છે ! નાક હમેશાં નસીંકી ચોકખું રાખવું. મોં તથા નાક સાફ કરવા માટે રૂમાલ રાખવો.

મેલાં લુગડાં ન પહેરાય. લુગડાં મેલાં થાય એટલે ધોઇ નાખવાં. લુગડાં ખીંટી પર ન મૂકીએ ને ભોંય પર ગમે ત્યાં નાખીએ, તો તે મેલાં થાય અને ઘર ગંદુ દેખાય. હમેશાં ઘેર આવીએ એટલે લુગડાં કાઢી ખીંટી પર મૂકી દેવાની ટેવ રાખવી. ચોપડી કે લુગડાં કદી ભોંય પર ગમે ત્યાં ફેંકવાં નહિ. મેલાં લુગડાં સાબુથી ધોવાય.

ઘરમાં કાગળના કકડા નાખવા નહિ. બોર, દાડમ કે નારંગી જેવું કાંઈ ફળ ખાઓ, તો તેનાં છોડાં કે કૂચા કદી ઘરમાં નાખો નહિ. કાગળ કે ટોપલીમાં ઠળીયા અને કૂચા નાખી, પછી તેમને બહાર ફેંકી દેવા. ફળ ખાધા પછી અથવા કાંઇ પણ ખાધા પછી હાથ મોં ધોઈ નાખવાં.

પાઠ ૪૨ મો. ચોકખાઈ વિષે કવિતા.

આંગણું   સોહાય

(દોહરા)

ચોકખું ઘરનું આંગણું, ચોકખો ઘરનો ચોક,
ચોકખો ઘરનો ઓટલો, ચોકખાં મેડી ગોખ. ૧

ચોકખાં ઘર કપડાં થકી, માણસ બહુ સોહાય,
શરીર ચોકખું રાખીએ, રોગ કદી નવ થાય. ૨

નાહેથી તન સાફ રે', સાચેથી મન સાફ,
મન, તન, ઘર છે સાફ તો, દૂર રહે નિત પાપ. ૩

પાઠ ૪૩ મો. વર્ષના મહિના.

વૈશાખ   શ્રાવણ   ભાણુ

વૃષ્ટિ   ત્રાસ

નટવર, કહે જોઉં, વર્ષની ઋતુઓ કેટલી ?

વર્ષની ઋતુઓ ત્રણ, બાપાજી.

વારૂ, વર્ષના મહિના કેટલા ?

વર્ષના મહિના બાર.

એ બાર મહિનાનાં નામ તને આવડે છે ?

ના, બાપાજી.

ત્યારે જો, હું તને તે કહું. કારતક, માગશર, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો. એ વર્ષના બાર માસનાં નામ છે. એમાંના પહેલા ચાર એટલે કે કારતક, માગશર, પોષ અને મહા એ ટાઢના મહિના છે. એટલા મહિના શિયાળો કહેવાય. ફાગણ, ચૈત્ર, વૈશાખ અને જેઠ એ ચાર મહિના ગરમીના છે. એટલા મહિના ઉનાળો કહેવાય. અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો એ ચાર વરસાદના મહિના છે. એટલા મહિના ચોમાસુ કહેવાય. સમજ પડીને, નટવર ?

હા, બાપાજી.

વારૂ, ત્યારે બોલ જોઉં, દરેક ઋતુ કેટલા મહિનાની થાય ?

બાપાજી, દરેક ઋતુ ચાર ચાર મહિનાની થાય છે.

વર્ષની ઋતુઓ કેટલી છે ? ઋતુઓ કઈ કઈ છે ? દરેક ઋતુ કેટલા મહિનાની છે ? શિયાળા પછી શું આવે ? દહાડા લાંબા અને રાત ટુંકી કઈ ઋતુમાં હોય ? ટાઢ કઈ ઋતુમાં પડે ?

(કવિતા)

કારતક, માગશર, પોષ ને, મહા મહિને સુખ જાણ;
ફાગણ, ચૈત્ર, વૈશાખમાં, ઘણો તપે છે ભાણ. ૧
જેઠ, અષાઢ શ્રાવણ અને, વળી ભાદરવો માસ;
એમાં વૃષ્ટિ ન થાય તો, લોકો પામે ત્રાસ. ૨
આસો આવે એ પછી, હોય હરિની મહેર;
સુખ શાંતિ ધન હોય તો, થાયે લીલા લહેર. ૩

પાઠ ૪૪ મો. કુંભાર—ભાગ ૧.



નવનીતની જોડે ભાણો નામનો એક છોકરો ભણતો હતો. એ ભાણાના બાપ કુંભાર હતા. તે ઘડા, ગાગર, ગોળી, નળીઆં, કોડીયાં, ચુલા, સગડી એવી એવી માટીની ચીજો બનાવતા હતા. નવનીતે એક દિવસ ભાણાને કહ્યું, " ભાણાભાઇ, માટીનાં વાસણ કેમ બને તે મારે જોવું છે." ભાણાએ કહ્યું, "નવનીતભાઇ, ત્યારે રવિવારે તમે મારે ત્યાં આવજો એટલે હું તમને એ બધું બતાવીશ."

રવિવારે નવનીત કુંભારવાડે ગયો અને ત્યાં ભાણાનું ઘર શોધી કાઢ્યું. ભાણાના બાપા કેશવભાઇ ઘરમાં બેઠા હતા. નવનીતે તેમને નમસ્કાર કર્યા. ભાણાએ કહ્યું, "બાપાજી, માટીનાં વાસણ કેમ બને તે નવનીતભાઇને જોવું છે." કેશવભાઇએ કહ્યું, "ચાલો નવનીતભાઇ, હું તમને એ બધું દેખાડું." પછી કેશવભાઇની જોડે નવનીત બહાર નીકળ્યો.

એક ઠેકાણે એક કુંભાર માટીમાં કુદતો હતો, તે જોઈ નવનીતે પૂછ્યું, "કેશવકાકા, પેલો માણસ માટીમાં કેમ કુદે છે?"

કેશવભાઇ—નવનીતભાઈ, એ કાંઈ રમતો નથી. એ તો માટી ગુંદે છે. નદી કે તળાવને કિનારેથી કાંકરી વગરની ઝીણી માટી લાવી એક ઠેકાણે ઢગલો કરે. પછી તેમાં સારી પેઠે પાણી નાખી પલળવા દે. તે બરાબર પલળી રહે એટલે આમ પગથી ગુંદે. એમ કર્યાથી તે એકરસ થાય. પછી તેમાંથી કાંકરા વીણી નાખે; અને તેમાં થોડી રેતી ઉમેરી તેને કઠણ કરે. એવી રીતે માટી તૈયાર કર્યા પછી તેનાં વાસણ ઘડે.

નવનીત—પણ કેશવકાકા, માટીનાં વાસણ ઘડે કેવી રીતે?

કેશવભાઇ—નવનીતભાઇ, પેલું ગોળ ગોળ ફરે છે તે તેં જોયું ? એ ચાક કહેવાય. જો પેલો કુંભાર એમાં લાકડી ઘાલી તેને કેવું ઝડપથી ફેરવે છે? જો, હવે એમ એ ચાકપર માટીનો લોચો મૂકયો. હવે એ માટીના લોચામાં તે પોતાનો ડાબો હાથ ખોસે છે અને જમણો હાથ બહાર લોચા પર રાખે છે. લોચાની અંદરના હાથ વડે તે એ લોચાને જે વાસણ બનાવવું હોય તેવો આકાર આપે છે.

નવનીત—ઓહો ! પેલા લોચામાંથી તો એણે ઘડો બનાવી દીધો ! અને પેલાએ નળીઉં બનાવી દીધું ! કેશવકાકા, હવે એ ચાક પરથી ઘડાને કેવી રીતે ઉતારી લેશે ?

કેશવભાઇ—નવનીતભાઇ, તું જ જોને. જો પેલી પાતળી સળીથી તે ઘડાને પેલા લોચામાંથી કાપી કાઢી, ઝટ ઉતારી લે છે.

નવનીત—હવે એ ઘડો થઇ ગયો ?

કેશવભાઇ—(હસીને) હજુ તો એ કાચો છે. આપણા ઘરમાં ઘડા હોય છે તે આવા પોચા હોય છે ? જો આ કોડીયાને હું પાણીમાં નાખું છું. શું થાય છે તે તું જોજે.

નવનીત—ઓહો ! કોડીયું તો ભાંગી ગયું ! એ તો કાદવ થઈ ગયું !

કેશવભાઇ—આ ઘડામાં પાણી ભરીએ તો એમજ થાય. એ ઘડો તડકામાં સુકાશે, પછી એ તેને પકવશે.

નવનીત—એને પકવશે ! શી રીતે પકવશે ?

કેશવભાઈ—એને ભઠ્ઠીમાં નાખી આસપાસ તાપ કરશે.

નવનીત—ભઠ્ઠી કેવી હોય ? મને તે દેખાડો ને ?

કેશવભાઇ—આજે તો મોડું થયું છે; કાલે હું તને તે બતાવીશ.

પાઠ ૪૫ મો. કુંભાર—ભાગ ૨.

બીજે દહાડે નવનીત ગયો એટલે કેશવભાઇ તેને ભઠ્ઠી પાસે જોવા લઈ ગયા. પહેલાં કુંભારે જમીન પર છાણાં, સૂકાં પાંદડાં અને ડાળીઓનો થર કર્યો. પછી તેની ઉપર કાચાં વાસણ સાચવીને ગોઠવ્યાં. વળી પાછો તે વાસણો પર પાંદડાં, ડાળી અને છાણાંનો થર કર્યો. બધી ભઠ્ઠી ભરાઇ એટલે તેણે તેને છોડાં, પાંદડાં, સૂકી ડાળીઓ, લાદ વગેરેથી ઢાંકી દીધી. પછી તળેથી તે ભઠ્ઠીને સળગાવી.

નવનીત—કેશવકાકા, આ વાસણો કયારે પાકશે ?

કેશવભાઈ—બે દિવસ પછી ભઠ્ઠી ઠંડી પડશે ત્યારે આ વાસણોને બહાર કાઢશે. માટીનાં વાસણ પકવવાની ભઠ્ઠીને નિભાડો કે પજાવો પણ કહે છે.

ગાગર, ગોળીઓ તથા ઘડા પાણી ભરવાના કામમાં આવે છે. તેમાં દાણા પણ ભરાય. કોડીયામાં દીવેલ પુરી તેમાં રૂની દીવેટ મૂકી દીવા કરે છે. દીવાળીને દહાડે ગોખલામાં કે ઘરની પાળ પર કોડીયાં મૂકી રોશની કરે છે.

પાઠ ૪૬ મો. આપણું શરીર—ભાગ ૧.

ધડ　માથું　ભુજા　હથેળી　સાથળ
અંગુઠો　ગરદન　ભાગ

આપણા શરીરના બે ભાગ છે, ધડ અને માથું. છાતી અને પેટ મળી ધડ થાય. માથાની અને ધડની વચ્ચે ગરદન હોય છે. ધડ સાથે હાથ અને પગ જોડાએલા છે. આપણને બે હાથ અને બે પગ છે.

આ મારો જમણો હાથ છે. આ મારો ડાબો હાથ છે. આ મારો જમણો પગ છે અને આ મારો

ડાબો પગ છે. આ ખભો છે. ખભાની નીચેનો હાથનો આ ભાગ ભુજા કહેવાય. ભુજાની નીચેનો ભાગ હાથ કહેવાય. હાથની નીચેનો પહોળો ભાગ હથેળી કહેવાય. હથેળીને છેડે ચાર આંગળીઓ અને એક અંગુઠો હોય છે.

પાઠ ૪૭ મો. આપણું શરીર—ભાગ ૨.

સાંધો   વળું   ઘુંટણ   ઘુંટી

બોચી   પીઠ   બરડો

શરીરના બે ભાગ જોડાય તે સાંધો કહેવાય. હાથ ભુજાને જોડાય તે સાંધો કોણી કહેવાય. હાથ અને હથેળી વચ્ચે કાંડું આવે. સાથળ ધડને જોડાય તે સાંધાને વળું કહે છે. સાથળ તથા નળાને જોડનાર સાંધો ઘુંટણ કહેવાય છે. નળા અને પગ વચ્ચેનો સાંધો ઘુંટી કહેવાય.

માથાનો આગલો ભાગ મોં કહેવાય. મોઢું, નાક, આંખ તથા કાન મોં પર આવેલાં છે. મોઢાની અંદર લાંબી લાલ જીભ હોય છે. નાકની અંદરનાં કાણાં નસકોરાં કહેવાય. ધડની આગલી બાજુએ ઉપર છાતી અને નીચે પેટ છે. ધડનો પાછલો ભાગ પીઠ કે બરડો કહેવાય. ગરદનનો આગલો ભાગ ગળું અને પાછલો ભાગ બોચી કહેવાય.

પાઠ ૪૮ મો. ભોજન.

પોષાય માંજેલાં ચિંતા ચિત્ત તરછોડવા

ભોજનથી આપણું શરીર પોષાય છે. એક બે દિવસ ખાવાનું ન મળે તો શરીર નબળું પડી જાય, અને કંઇ કામ થઇ શકે નહિ. ખોરાકની બાબતમાં કાળજી રાખવાની જરૂર છે. આખો દહાડો કામ કર્યાથી આપણા હાથે પગે પરસેવો થાય છે, અને તે મેલા પણ થાય છે. હાથ પગ અને મોં ધોઇ, ચોકખા અને પવિત્ર થઇ જમવા જવું. જમવા બેસવાની જગા ચોકખી હોવી જોઇએ. જમવાનાં વાસણ પણ માંજેલાં અને સાફ હોવાં જોઇએ.

બરાબર ભૂખ લાગ્યા વગર જમવું નહિ. ભૂખ હોય તે પ્રમાણે ખાવું. કેટલાંક છોકરાં એવું કરે છે કે સારૂ ખાવાનું હોય ત્યારે રોજના કરતાં વધારે ખાય. સારૂં લાગે તેથી વધારે ખાવું એ રીત સારી નથી. એમ કરવાથી માંદા પડાય છે.

આ ખાવું ભાવે અને આ ન ભાવે એવી ટેવ ન પાડો. જે ખાવાનું મળે તે ભાવથી ખાઓ. રોજ રોજ નવું નવું અને સારૂં સારૂં ખાવાની ટેવ બહુ ખરાબ કહેવાય. એ નબળુ અને હલકું મન બતાવે

છે. શરીર ટકાવી રાખવા માટે ખાવાનું છે. બહુ સ્વાદીયા હોય તે ઘણીવાર દુઃખી થાય છે. જે વખતે જે ખાવા મળે તેમાં સંતોષ માનો.

ઘણાં છોકરાં નિશાળનો વખત થાય ત્યાં સુધી રમ્યા કરે, અને પછી જમતાં ઉતાવળ કરે. જમતાં ચાવીને ખાય નહિ, પણ પુરૂં ચાવ્યા વગર ગળી જાય. આમ ખાવાથી ખાધેલું પચે નહિ અને માંદા પડાય.

ખાતી વખતે બહુ વાતો ન કરવી. ખાતી વખતે કંકાસ ન કરતાં ચિત્ત શાન્ત અને ખુશ રાખવું. ખાતી વખતે ફિકર ચિંતામાં જીવ રાખવો નહિ.

કોળીયો મોંમાં મૂકયા પછી મોં બન્ધ રાખી ચાવવુ. મોં ખુલ્લુ રાખી 'બચડ્' 'બચડ્' અવાજ કરવાથી પાસે બેઠેલાંને કંટાળો આવે. ચાવતી વખતે મોં ખુલ્લું રાખવાની કંઇ જરૂર નથી. મોં બંધ રાખીને ચાવી શકાય છે. મોંમાં કોળીયો હોય ત્યારે બોલવું નહિ.

બહુ મોટા કોળીયા ભરવા નહિ બરાબર ચાવીને ખાવુ. પાણી કે દૂધ પીતી વખતે પણ એકદમ મોં ભરાઈ જાય એમ પીવું નહિ. ખાતી વખતે આંગળીઓ કે અંગુઠો ચાટવાં નહિ.

જમ્યા પછી મોં, દાંત અને ગળું કોગળા કરી ખૂબ સાફ કરવાં. થાળીમાં હાથ ધોઇએ તો મોં બરાબર સાફ થાય નહિ, માટે થાળીમાં હાથ મોં ધોવાં નહિ. જમી રહ્યા પછી હાથ ધોઇને તરછોડવા નહિ. એમ કરવાથી આપણી પાસે બેઠેલાંને છાંટા ઉડે. હાથ ધોયા પછી આપણે પહેરેલા કપડાથી હાથ ન લુછવા, પણ અંગુછા કે બીજા કકડાથી લુછવા. એ કકડો રોજ ધોવો જોઇએ.

જમ્યા પછી ઝડપથી ચાલતા નિશાળે જવાથી પેટમાં રોગ થાય છે.

પાઠ ૪૯ મો. ભોજન વિષે કવિતા.

(ચોપાઈ)

ભોજન આજ જમ્યા જે અમો,
તેનું વર્ણન સુણજો તમો;
કમોદનો કીધો'તો ભાત,
દાળ તણી અતિ સુંદર જાત.

દહીં ભાંગીને કીધી કઢી,
માંહે નાખી'તી સુંદર વડી;
ભાત ભાતનાં તળીયાં શાક,
બાસુદી, પુરી, દુધપાક.

પૂરણપોળી લાડૂ સાર;
વડાં કચોરી ને કંસાર;
ભજીયાં ને ભાજી તે ભલી,
સુંદર શીરો ને રોટલી.

પાંચે પકવાનો કહેવાય,
જમતાં જમતાં અતિ સુખ થાય;
વડાં પાપડને શેવો સાર;
તળ્યા ચણાનો સ્વાદ અપાર.

દલપતરામ.

પાઠ ૫૦ મો. શ્રવણ—ભાગ ૧.



સાવધ　　પ્રેમ　　પ્રસન્ન　　અંતઃકરણ
આશિષ　　પવિત્ર　　તીર્થયાત્રા　　વ્હાલ

શ્રવણ નામનો એક છોકરો હતો. તેને તેનાં માબાપ પર બહુ વ્હાલ હતું. તેનાં માબાપને પણ તેના વિના ઘડી ચાલતું નહિ. શ્રવણ તેમને આંખની કીકી જેવો વ્હાલો હતો. શ્રવણ સહેજ માંદો પડે તો તેનાં માબાપ બિચારાં બહાવરાં જેવાં થઈ જાય.

માબાપનું કહ્યું કરવામાં શ્રવણ હમેશાં સાવધ રહેતો. તેઓ જે કંઇ કરવાનું કહે તે હસતે મોઢે ઉમંગથી ઝપાટાભેર કરી દેતો. તે માબાપને દેવ સમાન ગણતો, અને બહુ પ્રેમ અને ભક્તિથી તેમની સેવા કરતો. તેનાં માબાપ તેની પર બહુ પ્રસન્ન રહેતાં અને અંતઃકરણથી તેને આશિષ દેતાં.

શ્રવણનાં માબાપ ઘડપણમાં આંધળાં થઇ ગયાં. તેમને પવિત્ર તીર્થોની યાત્રા કરવાનું બહુ મન હતુ. એક દિવસ તેમણે શ્રવણને બોલાવીને, પોતાની યાત્રા કરવાની ઇચ્છા કહી સંભળાવી. ઘરડાં માબાપથી ચલાય એમ તો હતું જ નહિ, અને ગરીબ શ્રવણ પાસે ગાડું ભાડે કરવાના પૈસા નહોતા. પણ માબાપની સેવા કંઈ પૈસા ખર્ચે થાય છે ? મનમાં ખરો ભાવ જોઇએ. શ્રવણે એક કાવડ તૈયાર કરી, તેના એકેક પલ્લામાં પોતાનાં માતા તથા પિતાને બેસાડચાં. પછી તે કાવડ ઉંચકી તેણે પોતાનાં માબાપને બધાં તીર્થોની યાત્રા કરાવી.

પાઠ ૫૧ મો. શ્રવણ ભાગ—૨.

અંધારપિછોડો   સારવાર   પ્રેમાળ   ચોધાર

હ્+ઋ=હૃ. હૃદય

ફરતાં ફરતાં શ્રવણ અયોધ્યા નામની નગરી પાસેની સરયૂ નદી આગળ આવી પહોંચ્યો. સરયૂ નદીના કિનારા પરની એક સુંદર કુંજમાં કાવડ ઉતારી તે થાક ખાવા બેઠો. તેનાં માતાપિતાને બહુ તરસ લાગી હતી, તેથી તેમણે તેને બોલાવીને કહ્યું, "બેટા શ્રવણ ! અમને બહુ તરસ લાગી છે, માટે તું જઇ કુંઇથી અમારે સારૂ પાણી લઈ આવ."

શ્રવણ ઘડો લઈ સરયૂ નદીમાંથી પાણી લાવવા ગયો. અયોધ્યાનગરીનો રાજા દશરથ શિકાર કરવા માટે અહીં આવ્યો હતો. "કોઈ જંગલી પ્રાણી નદીનું પાણી પીવા આવશે તેનો હું શિકાર કરીશ" એવો વિચાર કરતો તે એક ઝાડ પર બાણ તૈયાર રાખી બેઠો હતો. સૂર્ય આથમી ગયો હતો, અને રાતનો અંધારપિછોડો દુનિયા પર પથરાવાની તૈયારી હતી. શ્રવણે પાણીમાં ઘડો બોળ્યો એટલે ભગ્‌ભગ્ એવો અવાજ થયો. કોઈ પશુ પાણી પીવા આવ્યું છે, એમ જાણી દશરથે

તે બાજુ બાણ ફેંક્યું. તે બાણ શ્રવણને વાગ્યું અને તેનાથી તેની છાતી વિંધાઈ ગઇ. "ઓ ઇશ્વર ! મારાં તરસ્યાં માતાપિતાનું શું થશે !" એમ બોલતો શ્રવણ ભોંય ઉપર તરફડવા માંડયો. તેની બૂમ સાંભળી દશરથ રાજાને પોતાની ભૂલ સમજાઇ. તેને બહુ શોક થયો, પણ હવે શો ઉપાય ? દશરથ રાજા શ્રવણની પાસે આવી તેની સારવાર કરવા લાગ્યો. પોતાની ભૂલ માટે પસ્તાવો કરી તે તેની માફ માગવા લાગ્યો. તેણે બહુએ યત્નો કર્યાં પણ શ્રવણ બચે એમ નહોતું.

મરતાં મરતાં શ્રવણે પોતાની બધી હકીકત દશરથ રાજાને કહી, અને ખાસ કરી પોતાનાં તરસ્યાં માબાપને પાણી પાઇ આવવાનું કહ્યું. દશરથ રાજાએ જઈ શ્રવણનાં માબાપને પાણી પાયું. તેઓ કંઇ પૂછે તો દશરથ તેનો જવાબ આપે નહિ. એ પ્રેમાળ માબાપને જોઈ દશરથને બહુજ લાગી આવ્યું, અને તેની આંખમાંથી ચોધાર આંસુ વહેવા માંડયાં. તે પાણી પી રહ્યાં, ત્યારે કઠણ કાળજું કરી દશરથે શ્રવણના મરણની હકીકત તેમને કહી.

કોમળ હૃદયવાળાં એ માબાપથી પોતાના વ્હાલા અને પ્રેમથી સેવા કરનાર પુત્રના મરણનો

વા સહન ન થયો. એ ખબર સાંભળતાંજ તેઓ મરણ પામ્યાં.

પાઠ પર મો. અમે હિંદી, હિંદી, હિંદી !

અમે ભરત ભૂમિના પુત્રો,
અમ માત પુરાણ પવિત્ર;
રે જેનાં સુંદર સૂત્રો,
ઝળકાવે ઉચ્ચ ચરિત્ર

અમ અંતરને ઉદ્દેશી,
કરશું હોકાર હમેશ;
અમે હિંદી, હિંદી, હિંદી,
છે હિંદ અમારો દેશ.

(ખબરદાર)

ભાગ ૨ જો—ભૂગોળવિદ્યા.

પાઠ ૫૩ મો. ટેકરી-પહાડ-પર્વત.

ડુંગરાળ સમૂહ શિખર ખીણ
તળેટી ઘાટ

ગામની બહાર ફરવા જઈએ છીએ, ત્યારે આપણી આસપાસ સપાટ જમીન દેખાય છે. તદ્દન સપાટ જમીન હોય તે મેદાન કહેવાય. ગામની સીમનાં ખેતર મેદાન જમીન પર હોય છે. જમીન કાંઈ હમેશાં આવી સપાટ મેદાન જેવી હોતી નથી. કેટલેક ઠેકાણે મેદાનની જમીનનો કેટલોક ભાગ ઉંચો ઉપસેલો હોય છે. આવો ભાગ બહુ ઉંચો ન હોય તો ટેકરી કહેવાય. ટેકરીને કેટલાક લોક ડુંગરી પણ કહે છે. આવી ટેકરીઓ બહુ હોય એવી જગા ડુંગરાળ કહેવાય. ટેકરી ઘણી ઉંચી અને ઘણે દૂરથી દેખાય એવી હોય તો તે પહાડ કહેવાય છે. ટેકરી પર ચડવું સહેલું છે, પણ પહાડ પર ચડવું ઘણું અઘરું છે. પહાડને કેટલાક લોક ડુંગર પણ કહે છે. કાળકા માતાનું મંદિર પાવાગઢ નામના પહાડ પર છે. એ પાવાગઢ

વડોદરાની પૂર્વમાં આવેલો છે. અમદાવાદની ઉત્તરે આબુ નામનો પહાડ છે. બહુજ ઉંચી ટેકરી હોય તે પર્વત કહેવાય. કાઠિયાવાડમાં જુનાગઢ પાસે ગિરનાર પર્વત છે. આપણા દેશમાં બહુ સુંદર અને ઉંચા પર્વત છે. આપણા દેશની ઉત્તરે હિમાલય નામનો બહુજ ઉંચો પર્વત છે દુનિયાના બધા પર્વતો કરતાં એ ઉંચો અને મોટો છે.

બધા પહાડ એકસરખા નથી હોતા. કેટલે! ઠેકાણે એકજ પહાડ એકલો આસપાસના મેદાન માંથી ઉંચો ઉપસેલો હોય છે. ઘણી વાર ઘણ પહાડ પાસે આવેલા હોય છે. આવ પહાડોના સમૂહમાં દરેક પહાડ છૂટો હોય છે કેટલીક વાર ઘણા પહાડ પાસે પાસે હારદોર ઉભ હોય છે. આવા બધા પહાડ મળી પર્વતની હા થાય છે. એ હારમાં વચ્ચે વચ્ચે ઉંચાં શિખ હોય છે. ઉંચાં શિખરો વચ્ચે આવેલા નીચ ઊંડા ભાગને ખીણ કહે છે.

પહાડ અને પર્વતોના તળીયા આગળને ભાગ તળેટી કહેવાય છે. તળેટીમાં નાનાં મોટ ઝાડ બહુ ઉગે છે. એ ઝાડ એટલાં બધાં પાસે પાસે ઉગે છે કે તેમાંથી જવાનો રસ્તો મળતે

નથી, અને તેમાંથી આઘે જોઈ શકાતું નથી. નાનાં મોટાં ઝાડ આમ બહુજ પાસે પાસે ઉગ્યાં હોય છે, ત્યારે તે જંગલ કહેવાય છે. પહાડની ટોચ તે તેનું શિખર કહેવાય, અને તળેટીથી ટોચ સુધીના ઢળતા ભાગને ઢાળ કહેવાય. પહાડ પર ચડવું હોય તો તેના ઢાળ પર થઇને ચડાય. પર્વત હારદોર આવ્યા હોય અને તેની પેલી મેર જવું હોય તો તેના નીચા ભાગ પર આવેલા રસ્તા પર થઇને જવાય. આવા રસ્તા ઘાટ કહેવાય.

હવે આપણે પેલી ભીની રેતીમાં કે તળાવ કે નદીની માટીમાં જઈ પર્વત અને પર્વતની હારો બનાવીએ.

પાઠ ૫૪ મો. નદી.

મૂળ મુખ દરિયો ખાડી

ચોમાસામાં ગામના રસ્તાની બન્ને બાજુએ પાણીના મોટા રેલા ચાલે છે, તે તમે જોયા છે? બહુ વરસાદ પડે છે, ત્યારે તો ગામના રસ્તા પર ઘુંટણ ઘુંટણ સુધી પાણી થઇ જાય છે. રસ્તે એ પાણીમાં થઈ ચાલવું પડે છે. એ પાણીના વહેળામાં

માટી અને કાંકરી ઘસડાઈ જાય છે. વરસાદનું પાણી જમીન પર પડે છે કે તુરત વહેવા માંડે છે. પત્થર કે લાકડાની પેઠે જ્યાં ત્યાં તે ઠરીને ઉભું રહેતું નથી. પાણી હમેશાં ઉંચી જગાએથી નીચી જગાએ વહી જાય છે, જ્યાંથી પાણી વહી આવતું હોય તે જગા ઉંચી સમજવી. કોઈ જગાની કઈ બાજુ ઉંચી છે અને કઇ બાજુ નીચી છે તે જાણવું હોય, તો તેની ઉપર પાણી ઢોળવું. પાણી જે બાજુ વહી જાય તે નીચી બાજુ જાણવી.

પહાડ કે પર્વત પર વરસાદનું પાણી પડે છે, તેનો મોટો રેલો ચાલે છે. એ રેલો બહુ પહોળો ઉંડો અને ઘણો લાંબો હોય છે. એવો મોટો રેલો નદી કહેવાય છે એમાં બારે માસ પાણી વહે છે. નદી બહુ નાની હોય તો તેમાં બારે માસ પાણી વહેતું નથી. નદીના બન્ને બાજુ આવેલા ઉંચા ભાગ ઉપર પડેલું વરસાદનું પાણી નીચાણમાં આવેલી નદીમા જાય છે.

વહેતા પાણીના ઘસારાથી નદીનું તળીયું કપાય છે. તળીયું કપાયાથી નદી જમીનમાં ઉંડી ઉતરે છે. નદીની બન્ને બાજુઓ તેના કિનારા કહેવાય. કિનારાને તીર પણ કહે છે. નદી જે બાજુ

વહેતી હોય તે તરફ મોં કરી ઉભા રહીએ, તો આપણા જમણા હાથ પર આવેલો કિનારો જમણો કિનારો કહેવાય, અને ડાબા હાથ પર આવેલો
૧ કિનારો ડાબો કિનારો કહેવાય. જ્યાં આગળથી નદી વહેવા માંડે તે ભાગ તેનું મૂળ કહેવાય. નદીના મૂળનો ભાગ ઘણું કરીને ડુંગરાળ અથવા પહાડી હોય છે. નદી વહેતાં વહેતાં કોઈ બીજી નદીને મળે છે કે કોઈ તળાવ કે દરિયામાં સમાય છે. જે ઠેકાણે નદી બીજી નદીને મળે અથવા તળાવ કે દરિયામાં સમાય તે તેનું મુખ કહેવાય. જેમ જેમ મુખ તરફ જઈએ તેમ તેમ નદી પહોળી થાય છે, કારણ કે તેમાં બીજી નદીઓ ભળે છે. મૂળથી મુખ સુધીનો નદીનો ભાગ તેનો માર્ગ કહેવાય છે. નદીનો માર્ગ ભાગ્યેજ તદ્દન સીધો હોય છે. એ તો ઘણો ખરો વાંકોચુંકો હોય છે. નદીના મૂળનો ભાગ મુખના ભાગ કરતાં હમેશાં ઉંચો હોય છે. ચોમાસામાં નદીમાં જે નાના વહેળા ભળે તે ખાડી કહેવાય છે.

પહાડમાં કોઈ ઠેકાણે જમીનમાંથી પાણી ભગ ભગ્ કરતું નીકળે છે; એ પાણીનો રેલો ઝરણ કહેવાય. કોઇ ઠેકાણે પહાડના કોતરમાં ચોમાસામાં પાણી ભરાઇ રહે છે, અને પછી તે થોડું

થોડું બહાર નીકળી વહે છે. કેટલાક ઉંચા પર્વતના શિખર પર સફેદ બરફ હોય છે. સૂર્યની ગરમીથી એ બરફ ઓગળે છે અને પાણી થઇ વહેવા માંડે છે. ચોમાસામાં નદીઓમાં વરસાદનું પાણી વહી જાય છે, તેથી તેમાં ખૂબ પાણી આવે છે. એવું થાય ત્યારે રેલ આવી કહેવાય. રેલના પાણીમાં માટી, પથરા, કાંકરા, ઝાડ અને બીજો ઘણો કચરો ઘસડાઇ આવે છે.

આપણા દેશમાં બહુ મોટી અને સુંદર નદીઓ છે. નર્મદા, તાપી, મહી, સાબરમતી, સિંધુ, ગંગા યમુના, કૃષ્ણા, ગોદાવરી–એ બધી સુંદર પવિત્ર નદીઓ આપણા દેશમાં છે. ગંગાનું પાણી એ બધાં કરતાં નિર્મળ અને પવિત્ર છે. આવી સુંદર નદીઓ બીજા કોઇ દેશમાં નથી.

નદીનું પાણી પીવાના અને નહાવા ધોવાના કામમાં આવે છે. મોટી નદીઓમાં હોડીઓ ચાલે છે. તેમાં માલ ભરી એક ગામથી બીજે ગામ લઈ જવામાં આવે છે. નદીમાં લોકો તરે છે અને હોડીમાં બેસી સહેલ પણ કરે છે.

પાઠ ૫૫ મો. નદી વિષે કવિતા.

લીલોતરી આરામ રસાળ

(ચોપાઈ)

પર્વતમાંથી ઝરણાં ઝમે, ભેળાં થાતાં નદીઓ બને;
ખળ્‌ખળ વહે છે નદીનાં નીર, ઉગે લીલોતરી તેને તીર.
નદી કિનારે વસતાં ગામ, ત્યાંના લોકોને આરામ;
મીઠાં પાણી રોજે મળે, પશુ પંખીને શાંતિ વળે.
વિવિધ દેશમાં નદીઓ ફરે, રસાળ ભૂમિ ત્યાંની કરે;
હસતી રમતી દૂરદૂર જાય, સાગરમાં જઇ છેલ્લી સમાય.
લોકો નદી પર ફરવા જાય, હોડીમાં બેસી હરખાય;
કોઇ તો નદીમાં નહાવા પડે, તરતાં તરતાં આનંદ કરે.

ચંદુલાલ દેસાઇ.

પાઠ ૫૬ મો. તળાવ.



ખાબોચીઉં વારે

પાણી હમેશાં ઉંચી જગાએથી નીચી જગાએ વહી જાય છે. જો કોઈ ઠેકાણે ઉંડો ખાડો હોય તો આસપાસની ઉંચી જમીન પરથી આવતું પાણી તેમાં વહી જાય. જમીન પર કોઈ ઠેકાણે ઉંચી ટેકરીઓ અને પહાડ હોય છે, તેમ કોઈ ઠેકાણે ઉંડા ખાડા પણ હોય છે. આવા કોઈ

ખાડામાં પાણી ભરાય ત્યારે તે તળાવ કહેવાય. ખાડો બહુ નાનો હોય, તો તેમાં ભરાતા પાણીને ખાબોચીઉં કે તળાવડી કહે છે. આવો મોટો ખાડો હોય તો તે તળાવ કહેવાય. ઘણા મોટા ખાડામાં પાણી ભરાયું હોય તો તે સરોવર કહેવાય. કેટલાંક સરોવર બહુ મોટાં હોય છે અને દરિયા જેવાં દેખાય છે. ચારે બાજુ ડુંગર હોય અને તે ડુંગરોની વચ્ચે નીચો ભાગ આવેલો હોય તો તેમાં વરસાદનું પાણી ભરાઇ રહે છે. વડોદરાની પાસે પાવાગઢના પહાડોની વચ્ચે આજવા નામનું તળાવ છે. મુંબાઈ પાસે તાંસા તથા તુળસી અને વિહાર નામનાં મોટાં તળાવ છે.

જો તળાવ મોટાં હોય છે, તો તેમાંથી પાસેનાં ગામના લોક પીવા માટે પાણી લઈ જાય છે. તળાવ મોટાં અને ઉંડાં ન હોય તથા તેમાં લોક લુગડાં ધોતા હોય અને નહાતા હોય, તો તેનાં પાણી ગંદાં થઈ જાય છે. એવાં તળાવનું પાણી પીવાથી રોગ થાય. વડોદરા પાસેના આજવા તળાવમાંથી નળ વાટે વડોદરામાં પાણી લાવે છે. એવીજ રીતે મુંબાઇ પાસેના તળાવનું પાણી પણ પીવાના કામમાં લેવાય છે.

ડુંગરાળ દેશમાં તળાવ ઘણાં હોય છે, કારણકે

ત્યાં આવેલી ઉંડી ખીણોમાં ચોમાસાનું પાણી ભરાઇ રહે છે.

પાઠ ૫૭ મો. ગામડું અને શહેર.

કારખાનાં કારીગર પાદર પરૂં

લ્+લ=લ્લ. જીલ્લો

ગામડામાં ઘર થોડાં અને નાનાં હોય છે. શહેરમાં ઘર ઘણાં અને મોટાં હોય છે. શહેરમાં મોટા રસ્તા, નાની ગલીઓ અને ઘણી પોળો તથા ખડકીઓ હોય છે. ગામડામાં મોટા રસ્તા હોતા નથી. ગામડામાં બહુ પોળો અને ખડકીઓ હોતી નથી, પણ થોડાંએક ફળીઆં હોય છે. શહેરમાં મોટાં બજાર હોય છે અને તેમાં કાપડ, તાંબા પિત્તળનાં વાસણ, ફળ, સુગંધિ પદાર્થ, મીઠાઇઓ, જોડા વગેરે જાતજાતની વસ્તુઓ મળે છે. ગામડામાં મોટાં બજાર હોતાં નથી. ગામડામાં તો એક બે વાણીઆની દુકાનો હોય છે. તેમાં દાણા, મશાલો અને જાડું કાપડ મળે છે. કંઇ દવા જોઈતી હોય કે સારી ચોપડી લેવી હોય તો શહેરમાં જવું પડે. શહેરમાં સુથાર, લુહાર, મોચી, કુંભાર વગેરે ઘણા

કારીગર હોય છે અને તે ઘણા હોશિયાર હોય છે. શહેરમાં કપડાં વણવાનાં, રૂ લોઢવાનાં તથા તેલ પીલવાનાં કારખાનાં પણ હોય છે. શહેરમાં કારીગર, વેપારી, ધંધાદારી અને મજૂર એમ ભાતભાતના લોક હોય છે. ગામડામાં કુંભાર, લુહાર, મોચી અને સુથાર એમ થોડા કારીગર હોય છે, બાકીની વસ્તી ખેડુત તથા મજૂરોની હોય છે.

ગામડામાં પાકી મોટી સડકો હોતી નથી, તેમ રસ્તા પર શહેર જેવા દીવા હોતા નથી. ગામડામાં ઈંટ અને ચુનાથી ચણેલાં ઘર થોડાં હોય છે. ગામડામાં ઘર ઘણાં ખરાં માટીનાં હોય છે, અને તેની ઉપર સાદાં નળિયાં કે છાજનું છાપરૂં હોય છે. સામસામી ઘરની હાર હોય છે, અને વચ્ચે પહોળી જગામાં ઢોર બાંધેલાં હોય છે. ગામડામાં જગાની છૂટ વધારે હોય છે. ઘરોની પાછળ મોટા વાડા હોય છે. ગામડાની હવા ઘણી ચોકખી હોય છે, અને ત્યાં દૂધ ઘી સારાં મળે છે. ગામડાના લોક સાદા અને ભલા હોય છે. ગામડામાં શહેર જેવો ઘોંઘાટ હોતો નથી. ગામડામાં શાંતિ હોય છે. ગામડાની આસપાસની જમીન તેની સીમ કહેવાય છે. સીમમાં ખેતરો આવેલાં હોય છે ગામડાના લોક રોજ સવારે એ ખેતરોમાં કામ કરવા જાય છે, અને

સાંજના પાછા આવે છે. એક ગામની સીમ પુરી થાય એટલે પાસેના ગામની સીમ શરૂ થાય. ગામડાની બહાર નીકળીએ કે તરત જે ભાગ આવે છે તે ગામનું પાદર કહેવાય. પાદરમાં થઇ સીમમાં જવાય. શહેરની બહાર પાછળથી વસ્તી થઇ હોય તેવા ભાગને પરૂં કહે છે.

ઘણાં ગામ અને તેમની સીમ મળી જે જમીન થાય તે તાલુકો કહેવાય છે. બે, ચાર કે વધારે તાલુકા મળી જે મોટો ભાગ થાય તે જીલ્લો કહેવાય. ઘણા જીલ્લા મળી પ્રાંત થાય. આપણે ગુજરાત પ્રાંતમાં રહીએ છીએ. એ પ્રાંતના પાંચ જીલ્લા છેઃ અમદાવાદ જીલ્લો, ખેડા જીલ્લો, પંચમહાલ જીલ્લો, ભરૂચ જીલ્લો તથા સુરત જીલ્લો.

પાઠ ૫૮ મો. નકશો તથા ચિત્ર.

રામશંકર ગુરુજી પોતાની શાળાના છોકરાઓને બાગ જોવા લઇ ગયા. તે બાગમાં જુદા જુદા આકારના ક્યારાઓ હતા. તે ક્યારાઓમાં જાતજાતના ફૂલના છોડ ઉગ્યા હતા.

તે બાગ જોઈ છોકરાઓને પણ બાગ બનાવવાનું મન થયું. શાળાની પાછળ વાડો હતો તેમાં બાગ

થાય એમ હતું. બાગ હોય તો વાડો અને શાળા બહુ શોભીતાં લાગે. તેમણે ગુરુજીને કહ્યું, "ગુરુજી, આપણી શાળાના વાડામાં અમે બાગ બનાવીએ ?"

ગુરુજીએ હા કહી.

બીજે દહાડે છોકરાઓએ ભેગા મળી પાવડાથી વાડો સાફ કરી નાખ્યો. વાડાની બરાબર વચમાં સીધો ઉભો રસ્તો રાખ્યો. આથી તે વાડાના બે સરખા ભાગ થઈ ગયા. તે રસ્તાને બરાબર મધ્યમાં કાપે એવો બીજો આડો રસ્તો રાખ્યો. આમ કરવાથી વાડાના કુલ ચાર ભાગ થયા.

ગુરુજીએ દરેક વર્ગને વાડાનો એક એક ભાગ આપ્યો. અને તેમને કહ્યુ કે "તમારે તમારા ક્યારા ચોકખા રાખી રોજ પાણી પાવું પડશે." પછી નાની નાની કોદાળીઓ વડે છોકરાઓએ જુદા જુદા આકારના ક્યારા બનાવ્યા. ક્યારા તૈયાર થયા એટલે તેમાં ફૂલઝાડના બી વાવ્યાં.

આ રીતે ચાર ધોરણની ચાર વાડીઓ થઇ. હવે છોકરાઓએ કહ્યું, "ગુરુજી, અમારો બાગ કેવો થશે તે અમારે ઘેર અમારા ભાઇ બેનને બતાવવું છે, તે કેવી રીતે થાય ?" ગુરુજી કહે, "તમે આ વાડીનો નકશો દોરી ઘેર બતાવજો."

છોકરાઓએ કહ્યું, “ત્યારે ગુરુજી, અમને વાડીનો નકશો બનાવતાં શીખવોને !”

ગુરુજી એક કાગળ ને પેનસીલ લઇ આવ્યા પછી તેમણે આંકણી વડે લીટીઓ આંકી વાડાના જેવો એક લંબ ચોરસ દોર્યો. તેની બરાબર મધ્યમાં બે લીટી દોરી ઉભો રસ્તો બનાવ્યો, અને તેને બરાબર મધ્યમાં છેદે એવો બીજો રસ્તો બનાવ્યો. પછી તે લંબચોરસના ચારે ભાગમાં, ભાગમાં હતા તેવા કયારા કાઢયા.

વાડીનો નકશો જોઇ છોકરા બોલી ઉઠયા, “ગુરુજી, આ નકશામાં તો ઝાડ, રોપા કે માંડવો કશું દેખાવાનું નહિ.” ગુરુજી કહે, “ઝાડ, રોપા અને છોડ તો વાડીનું ચિત્ર દોર્યું હોય તો બતાવાય.” છોકરાઓ કહે, “ગુરુજી, ત્યારે તો નકશામાં અને ચિત્રમાં તો બહુ ફેર !” ગુરુજી કહે, “ખરી વાત. કોઇ પણ જગાના નકશામાં જગાનો આકાર જ જણાય. આપણી શાળાના નકશામાં ભીંતો અને તેમની પરના નકશા કબાટ વગેરે ન બતાવાય; પણ આખું મકાન ઉપાડી લઇએ અને ભોય પર તેનો જે આકાર રહી જાય તે બતાવાય.”

વિદ્યાપીઠ તરફથી પ્રગટ થયેલું

બાળસાહિત્ય

આગગાડી નાની (સચિત્ર)	૦-૪-૦
આગગાડી મોટી	૦-૩-૦
ચણીબોર (કવિતાઓનો સંગ્રહ)	૦-૫-૦
શરણું (કવિતાઓનો સંગ્રહ)	૦-૮-૦
આગગાડીના શિક્ષકોને	૦-૧-૦
ચણીબોરના શિક્ષકોને	૦-૧-૦
પહેલી ચોપડી	૦-૩-૦
બીજી ચોપડી	૦-૪-૦